Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક

(ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક)


આદ્ય તંત્રી સ્વ. માનસંગજી બારડ

તંત્રીમંડળ

ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ડૉ. ભારતીબહેન શેલત,

પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

વર્ષ : ૩૮ મું, અંક : ૧૨ વિ.સં.૨૦૫૪ : ભાદરવો સન ૧૯૯૮ : સપ્ટેમ્બર



નૃવરાહ, કદવાર

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગ્રંથ સમીક્ષા

**'બાજ ખેડાવાળ સર્વસંગ્રહ'** સંપા. રમણલાલ જ. જોશી, પ્રકાશક : કોટડીઆ ફાઉન્ડેશન C/o. કાન્તિલાલ કોટડીઆ, 'વિદ્યાવિહાર', અશોકનગર પાસે, રેલ્વે સ્ટેશન પાછળ, નડિયાદ-૩૮૭૦૦૨, માર્ચ, ૧૯૯૮, પૃ. ૬૪૩.

'બાજ ખેડાવાળ સર્વસંગ્રહ' અત્યાર સુધી પ્રગટ થયેલા સર્વસંગ્રહોમાં અલગ તરી આવે છે. અન્ય સર્વ સંગ્રહોની તુલનામાં એક જ જ્ઞાતિનો આ પ્રથમ ઐતિહાસિક આધારભૂત માહિતીપ્રદ ગ્રંથ છે. અન્ય જ્ઞાતિના વાચકને તુલનાત્મક જ્ઞાન કે પોતાની જ્ઞાતિનું સંશોધન કરવાની પ્રેરણા મળે તેવું ભગીરથ કાર્ય થયું છે. એક જ જ્ઞાતિની વિગત પ્રચૂર માહિતી મેળવીને એકઠી કરી, તેનું સંકલન કરવું તે ઘણો જ સમય, શ્રમ અને સહકાર માગી લે છે. આ ગ્રંથના સંકલનકાર અને સંપાદક મુ. શ્રી રમણલાલ જયશંકર જોષીની 'બાજ' નજર, ઝીણવટ અને ચોકસાઈ સાથે એમની વિદ્યા પ્રત્યેની પ્રીતિ અને સંશોધન તરીકેની ઊંડી અને આગવી સૂઝ દાદ માગી લે છે. સાથે આટલા દળદાર ગ્રંથના પ્રકાશનનું કાર્ય પાર પાડી સમગ્ર સમાજને આ સર્વસંગ્રહ દ્વારા જ્ઞાતિનું સ્થાન, સ્વરૂપ અને વિકાસક્રમથી જાણ કરાવવા બદલ કોટડીઆ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી કાન્તિભાઈને ખૂબ ખૂબ અભિનંદન.

આ સર્વસંગ્રહ કુલ ૧૧ વિભાગમાં વહેંચાયેલો છે. દરેક વિભાગમાં વિષય પ્રમાણે પ્રકરણો પાડવામાં આવ્યા છે. સમગ્ર ગ્રંથનું અવલોકન કરીએ તો તેમાં ખેડાવાળ જ્ઞાતિની ઉત્પત્તિ, ઇતિહાસ, સ્થળાંતરો તથા વ્યવસાયોની માહિતી સાથે બાજ ખેડાવાળોના ગોત્રો, કુળદેવી, અટકો, વસવાટના ગામોની શાસ્ત્રીય અને ઐતિહાસિક વિગતો સમાવવામાં આવી છે. અહીં અટકોની ઉત્પતિ અને તેના ઇતિહાસ સાથે કુળ પરંપરાઓ, રૂઢિઓ અને રીતરિવાજોનો વિભાગ છે. તે ઉપરાંત ઉપખંડમાં જઈ વસેલા ખેડાવાળ બ્રાહ્મણો, ખ્યાતનામ ભૂદેવો અને સતીઓનો ઇતિહાસ નોંધપાત્ર છે. અહીં લોકસાહિત્ય-લલિતસાહિત્ય કેવું વિકસ્યું છે તે બતાવ્યું છે.

આ ગ્રંથમાં બાજ ખેડાવાળોના રૂઢિગત ઉદ્ગારો, માનસિક અને સામાજિક પરિસ્થિતિનો ખ્યાલ આપી, જ્ઞાતિજનોની રાષ્ટ્રભક્તિનો પરિચય આપ્યો છે.

વિભાગ ૧૦ 'ઉમરેઠનો સારાંશ ગરબો'નો પરિચય છે. જેમાં ઉમરેઠનું પ્રાચીન નગર અને તેના સંપ્રદાયોનું શબ્દચિત્ર આપ્યું છે. વિભાગ ૧૧માં 'ઉમરેઠનો ઇતિહાસ' આપ્યો છે. જેમાં ભૂતપૂર્વ મહાનુભાવો વિશે, પોળો તેના અભિલેખો, વાવ-કૂવા, મંદિરો, સતીઓની દેરીઓ વગેરેનું વર્ણન ઉમરેઠના સ્થાનિક ઇતિહાસને આપણી સમક્ષ ખુલ્લો કરી બતાવ્યો છે. સાથે ઉમરેઠની પ્રાચીનતા, ઐતિહાસિક ક્રમમાં સ્થાન અને પરદેશી મુસાફરોની નોંધો, તથા આસપાસના સ્થળોની વિગતો આપેલી છે.

આમ સમગ્ર રીતે એક જ જ્ઞાતિ વિશેનો આ સંપૂર્ણ સંગ્રહ બની રહ્યો છે. ગુજરાતમાં અને ઉપખંડોમાં વસતા બાજ ખેડાવાળ જ્ઞાતિ માટે ગૌરવ લેવા ઉપરાંત ઘરમાં હાથવગો રાખવા જેવો આ સર્વસંગ્રહ ઇતિહાસ તેમજ સંશોધનમાં રસ ધરાવનાર માટે આધારભૂત ગ્રંથ બની રહેશે એવો મારો વિશ્વાસ છે.

**– આર. ટી. સાવલિયા**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ
ટ્રસ્ટી-મંડળ
ડૉ. કે. કા. શાસ્ત્રી, ડૉ. ચિનુભાઈ નાયક, ડૉ. નાગજીભાઈ ભટ્ટી,
ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

# પથિક

વર્ષ ૩૮ મું ] ભાદરવો સં. ૨૦૫૪ : સપ્ટેમ્બર, ૧૯૯૮ [ અંક ૧૨

## અનુક્રમ


દેશની પરિસ્થિતિ અને રાષ્ટ્રભક્તિનાં ગીતો — ડૉ. પ્રિયબાળા શાહ ૧

વીર સાવરકર — ડૉ. આર. ટી. સાવલિયા ૮

પંચમહાલ જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિક શ્રી વામનરાવ મુકાદમનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન — ડૉ. મહેબૂબ દેસાઈ ૧૨

પીપાવાવ બંદર : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં એક અભ્યાસ — પ્રા. પારુલ એ. સતાશિયા ૧૫

ઐતિહાસિક દૃષ્ટિએ બોરસદ, પેટલાદ અને માતર તાલુકાનાં સ્થળનામો — પ્રા. માલાભાઈ મે. પરમાર ૧૯

કચ્છી રહનસહન — પ્રમોદ જેઠી ૨૩

મેળાપક — ડૉ. ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક ૨૫


## વિશેષ નોંધ

પથિકનો આગામી દીપોત્સવી અંક નવેમ્બરની ૧૫મી તારીખે પ્રગટ થશે. જે ઑક્ટોબર-નવેમ્બરનો જોડીયો અંક હશે. જેની સૌ ગ્રાહકમિત્રોએ નોંધ લેવી. આગામી અંક પુરાતત્ત્વ વિશેષાંક તરીકે પ્રગટ કરવાનું વિચાર્યું છે. જે લેખો સ્થાપત્ય, શિલ્પ અને પુરાતત્ત્વ વિષયક હશે તેનો જ દીપોત્સવાંકમાં સમાવેશ કરવામાં આવશે. તસ્વીરો પણ આવકાર્ય છે.

પથિકના સૌ સ્વજનોને દીપાવલીપર્વની શુભકામના.

વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- પાંત્રીસ : છૂટક નકલના રૂ.૪-૫૦
ટપાલ ખર્ચ સાથે : આજીવન સહાયકના રૂ. ૪૦૧/-
લવાજમ માટે મ.ઓ. યા બેન્ક ડ્રાફ્ટ 'પથિક કાર્યાલય'ના નામનો કઢાવી મોકલવો.

## સૂચના

પથિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લેખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

પથિક સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

પથિકમાં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

નમૂનાના અંકની નકલ માટે ૫-૦૦ની ટિકિટો મોકલવી.

મ.ઓ.ડ્રાફ્ટ-પત્રો માટે લખો :
**પથિક કાર્યાલય**
C\o. ભો. જે. વિદ્યાભવન,
આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
એ સ્થળે મોકલો.

પથિક કાર્યાલય વતી મુદ્રક પ્રકાશક : પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ, C\o. ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજના કેમ્પસમાં, આશ્રમ રોડ, અમદાવાદ-૯
મુદ્રણસ્થાન : ક્રિશ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ★ ફોન : ૭૪૮૪૩૯૩ . તા. ૧૫-૯-૯૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેશની પરિસ્થિતિ અને રાષ્ટ્રભક્તિનાં ગીતો

– ડૉ. પ્રિયબાળા શાહ★

એક સમય એવો હતો કે જ્યારે બ્રિટીશ સરકાર છાપાનાં ચોપાનિયાને દારૂગોળા સમાન ગણીને જપ્ત કરતી. છાપનારને સજા થતી. આવી સામગ્રી ગેરકાયદે ગણાતી. ગેરકાયદે થયેલી સામગ્રી ઘરમાં કે હાથમાં રાખી શકાતી નહીં. હાથમાં હોય તો ધરપકડ કે લાઠી ખાવાની તૈયારી રાખવી પડતી અને ઘરમાં હોય તો જપ્તી આવે અને પકડાય તો દંડ થાય, સજા થાય અને જેલની હવા ખાવાનો વારો આવે. ગાંધીજીએ આઝાદી માટે આપેલી પ્રેરણા અને તે વખતના આંદોલનો, તેનો જુવાળ, આબાલવૃદ્ધ સૌને રંગી રહ્યો હતો. એ પ્રજા તરીકેનું કૌવત આજે નથી, પરંતુ તે કૌવતનો ખ્યાલ આવે તે માટે ત્યારના આરસી જેવા રાષ્ટ્રભક્તિનાં ગીતોમાંના કેટલાંકનું સ્મરણ કરીએ :

અમે લીધી સ્વરાજની નોકરી રે, કેમ બેસી રહેવાય...
એ તો છે મોહનદાસ શેઠની રે, કેમ બેસી રહેવાય...

* * * * *

ભારતકા શિરતાજ હમારા, એક લંગોટીવાલા હૈ,
જ્ઞાન, ધ્યાન ઔર શક્તિસે, જો અહિંસક યુદ્ધ નિકાલા હૈ....

* * * * *

પોરબંદરનો ગાંધી વાણિયો રે...
એનું સૂકું શરીર જાણે લાકડી રે...
માંહે જોરાવર છે જીવ
એવાં ગાંધી ગુજરાતે ઉતર્યાં રે...

ઈ.સ. ૧૯૧૫મા મહાત્માં ગાંધીએ આફ્રિકાથી ભારત આવીને સ્વાતંત્ર્ય સંગ્રામની હાકલ કરી. તેમની રાહબરી હેઠળ આઝાદીની લડત દરમ્યાન બારડોલી સત્યાગ્રહ, મીઠાનો કાયદો તોડવા દાંડીકૂચ, ધરાસણાનો સત્યાગ્રહ, દારૂના પીઠાનું પિકેટીંગ, વિદેશી કાપડની હોળી, ભારત-છોડો(ક્વીટ-ઇન્ડિયા) સંગ્રામ વગેરેના ઐતિહાસિક અધ્યાયો લખાયા છે. તેના માટે રાષ્ટ્રભક્તિનાં ગીતો લખાયાં છે. રાષ્ટ્રીયશાયર ઝવેરચંદ મેઘાણી જેવાં મેધાવી કવિઓ, જયંતિભાઈ આચાર્ય, કપિલપ્રસાદ દવે, ઉમાશંકર જોશી, સ્નેહરશ્મિ, ફૂલચંદ શાહ, ત્રિભુવન વ્યાસ વગેરે કેટલાંયે નામી-અનામી કવિઓએ આ સમયમાં રાષ્ટ્રભક્તિનો ધોધ કાવ્યોરૂપે વહેવડાવ્યો હતો. તેમાં તે સમયની દેશની પ્રજાને આઝાદી માટેની ખુમારી અને બલિદાનની ભાવના કેવી હતી તે પ્રતિબિંબિત થાય છે. પ્રભાતફેરી અને સરઘસોમાં ગવાતાં ગીતો સ્વાતંત્ર્યના જાગેલા જુવાળને દરેકના દિલમાં સોંસરો પ્રવેશ કરાવીને ખળભળાટ મચાવી દેતાં, દિલના તાર ઝણઝણાવી દેતાં. તેમાંનાં કેટલાંક ગીતોની ઝાંખી કરીએ :

તકલી નથી પણ તીર છે, છાતી વિંધે સરકારની
બોલો બિરાદાર જોરસે ઇન્કિલાબ ઝીંદાબાદ.

* * * * *

તકલી તણાં એ તારમાં, બાજી ફના સરકારની...

* * * * *

ચરખા ચલા ચલાકે લેંગે સ્વરાજ લેંગે
ચરખા હિ તોપ બનેંગે, તકલી બને હૈ બરછી
ગોલે કે સુત કે હમ લેંગે સ્વરાજ લેંગે...

★ નિવૃત્ત આચાર્ય, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ



For Private and Personal Use Only

પરદેશીઓ આપણા દેશમાં આવ્યાં અને આપણા દેશને નીચોવવા લાગ્યાં તે માટેનું ગીત–

પરદેશી ભૂખ્યા ટોપીવાળાનાં ટોળાં ઉતર્યા
ઉતરિયા કાંઈ આથમણે ઓવાર રે..

* * * * *

એ તો છે ઉંદરડા, ફૂંકી ફૂંકીને ફોલે

* * * * *

આઘો આઘો વિદેશી ફેરિયા રે..
મારા રાંધણિયાં અભડાય રે...
મારા ધર્મનાં ધામ અભડાય રે...
મારાં અર્ધભૂખ્યાં આ ભાંડરડાં રે....
ભાણે ભોજનીયાં ધૂળ થાય રે....

દુનિયાભરમાં માતા અને વતનનો પ્રેમ સૌથી વહાલો હોય છે. 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસિ', આજે પણ 'વંદેમાતરમ્' કે 'જનગણમન' ગાતાં આપણા લોકોના મનમાં અનેરો આનંદ આવે છે. ભારતનો ધ્વજ આપણો ત્રિરંગો ફરકાવવા માટે ઝંડાવંદન (વિજયી વિશ્વ ત્રિરંગા પ્યારા) વખતે જુલ્મના કીરડા સહન કરવા પડતાં. રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજ બંને વગર સ્વાતંત્ર્યની લડત દરમ્યાન કોઈપણ નાની કે મોટી સભા અધૂરી લેખાતી. આજે પણ કેટલીક સભાઓમાં 'જનગણમન' ન ગવાય તો કાંઈક અધૂરું લાગ્યા વગર રહેતું નથી; રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજ મન સાથે જ જડાઈ ગયાં છે.

૧૯૨૧ની સાલમાં હિંદને આઝાદ કરવા માટે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ અનેકવાર લોકો પાસેથી ફંડફાળા ઉઘરાવ્યા હતા. તે વખતે તેમની ટહેલ એક કરોડ રૂપિયાના ફાળાની હતી. આવડી મોટી રકમ લોકોએ સ્વેચ્છાપૂર્વક આપીને બાપુની ઝોળી છલકાવી દીધી હતી.

ગાંધીજીને મન હરિજન કલ્યાણનું કામ આઝાદીની લડત જેટલું જ મહત્ત્વનું હતું. હરિજન કલ્યાણ માટે ફાળો ઉઘરાવવાની ગાંધીજીની રીત અનોખી હતી. પોતાના હસ્તાક્ષર આપવા માટે ઓછામાં ઓછો રૂપિયા પાંચનો ફાળો લેતા. નાની મોટી સભાને અંતે લોકો તેમના હસ્તાક્ષર લેવા પડાપડી કરતા. સૌની પાસેથી ફાળો લઈને ગાંધીજી હસ્તાક્ષર આપતા, હસ્તાક્ષર લેવામાં કોઈપણ બાકી રહે નહીં તેની ખાતરી કરીને ગાંધીજી સભાસ્થળ છોડતાં. આ રીતે ફાળાની રકમથી થેલીઓ છલકાઈ જતી. ગાંધીજી દેશની લગભગ અગિયાર લિપિમાં પોતાના હસ્તાક્ષર કરતાં.

સીધી અને સરળ ભાષામાં સામાન્ય માનવી સમજી શકે અને તેમનામાં લડતના તણખાનો તિખારો પ્રગટે એવાં ગીતો રચવાનો સમય આવી પહોંચ્યો હતો. સાદો અને શૌર્યભરી ભાષાનાં ગીતો લલકારતાં, પ્રભાત ફેરીઓ તેનાથી ગુંજી ઉઠતી, આવો, આપણે એવાં કેટલાંક ગીતોની ઝલક જોઈએ-

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય...અમે૦

* * * * *

નહિ નમશે નહિ નમશે
નિશાન ભૂમિ ભારતનું
ભારતની એ ધર્મ ધ્વજાનું
સાચવશું સન્માન-ભૂમિ ભારતનું૦

* * * * *



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ હઠશે નહિ હઠશે
બહાદુરો પાછાં નહિ હઠશે.

* * * * *

ડંકો વાગ્યો શૂરા સૈનિક જાગજો રે
જાગજો રે, કાયર ભાગજો રે...ડંકો૦

* * * * *

યે શિર જાવે તો જાવે, પણ આઝાદી ઘર આવે.
યે જાન ફના હો જાવે, પણ આઝાદી ઘર આવે.

* * * * *

આવાં કેટલાંક ગીતો શુરાતન ભર્યા યાદ કરી શકીશું. આ એક એક ગીતમાં તોપના ગોળા જેટલી તાકાત ભરેલી છે. લોકોની તાકાત, આઝાદી માટેની તમન્ના, અંગ્રેજો સાથે લડી લેવાનો જુસ્સો અને નિર્ધાર, બલિદાનની ઉચ્ચતમ ભાવના આ ગાંધીગીતો-રાષ્ટ્રગીતોમાં વ્યક્ત થાય છે. આ ગીતો શેરીઓ ગજાવતી. પ્રભાતફેરી હોય કે સરઘસ હજારો નરનારીઓ જોરશોરથી અદ્‌ભૂત તાકાતથી ગાતાં. કેટલીકવાર સભાઓમાં પણ આ ગીતો ગવાતા. જેથી પ્રજાને શૂરાતન ચઢતું. તે વખતે અન્યાય, જુલ્મ, શેતાની સલ્તનતનો પ્રતિકાર એ વીરત્વના આભૂષણ રૂપ ગણાતાં. ચોમેર આઝાદીનો આતશ પ્રજ્વલિત થયો હતો. બત્રીસ લક્ષણા યુવાનોએ સર્વસ્વનું બલિદાન આપ્યું હતું, જેલો ઉભરાઈ ગઈ હતી ત્યારે સરકારની ખફગી વહોરી લેવામાં સૌ પ્રજાજનો ધન્યતા અનુભવતા. તે નીચેની પંક્તિઓમાં પ્રતિબિંબિત થાય છે.

કફનકો બાંધકર સરસે, કરો કલ્યાણ ભારતકા
કરો બલિદાન લાખોંકા, રહે અરમાન ભારતકા
ગુલામી છોડદો મીલકર, કરો સન્માન ભારતકા

દરેક યુવાન સ્ત્રી-પુરુષ માટે જે ગીત લલકારાતું તે દરેક યુવાન ભારતીયને સૈનિક બનાવવાની હાકલ કરતું અને તે તેમનો ધર્મ ગણાતો, જુઓ-

જુવાનો ઓ હિન્દના, સૈનિક બનીને ચાલો,
યુવતીઓ ઓ હિન્દની, કેસરીઆ કરીને ચાલો...
સંતાનો ઓ હિન્દનાં, સૌ મર્દ બનીને મહાલો...

આ સમગ્ર ગીતમાં આ તો આખરી યુદ્ધ છે માટે કોઈએ ઘરમાં સંતાવું શોભે નહિ; આવા કેટલાંયે યુવા જાગૃતિનાં ગીતો ગવાતાં તેની ચેતનાએ તો નાના બાળકોથી માંડીને યુવાનો અને વૃદ્ધો પછી તે સ્ત્રીઓ હોય કે પુરુષો બધાંને સરખી રીતે હચમચાવી મૂક્યાં છે. આ જમાનો કોઈ ઓર હતો. જેણે તેને માણ્યો હોય તેને જ સમજાય.

૧૯૩૦માં 'સ્વતંત્રતાની મીઠાશ' મેઘાણીભાઈએ રચ્યું તેમાંથી પરાધીનને બદલે સ્વાધીન શબ્દ સંભળાતા જે સુખની ઘડી છલકાઈ જાય અને મુક્તિનું ભાન થઈ આવે તેવો તો તે ગીતનો ઉમળકો છે-

તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી
મુડદાં મસાણેથી જાગતાં એવી શબ્દમાં શી સુધા ભરી !
એને કાને શબ્દ પડ્યો તું સ્વાધીન, શી અહો સુખની ઘડી !
એને ભાન મુક્તિ તણું થયું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એનું દૈન્ય ક્યાં ટપકી ગયું !
એનું દિલ ગુલાબ ઝુલી રહ્યું ?

હવે જોઈએ ૧૯૨૯માં રચેલું મેઘાણીભાઈનું ગીત, દેશની દશા વર્ણવતું કરૂણામય ગાન-

"કવિ, તને કેમ ગમે ?
ધરતીને પેટે પગલે પગલે,
મૂડી ધાન વિના નાનાં બાળ ઝરે,
પ્રભુહીન આકાશેથી આગ ઝરે."
અહોરાત કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે,
ત્યારે હાય રે હાય કવિ ! તને પૃથ્વી અને પાણી તણાં શેણે ગીત ગમે ?"

* * * * *

સત્યાગ્રહના પ્રથમ સંગ્રામ (૧૯૩૦)માં શ્રી મેઘાણી પર પાયા વગરના આરોપસર મુકર્દમો ચાલેલો ત્યારે તેમને બે વર્ષની સજા કરનાર મેજિસ્ટ્રેટ મી. ઈસાણીની ધંધુકા ખાતેની અદાલતમાં તેમની અનુજ્ઞાથી ગાયેલું ગીત 'છેલ્લી પ્રાર્થના'...

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ
નથી જાણ્યું અમારે પંથ શી આફત પડી છે.
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે,
જીવે મા માવડી, એ કાજ મરવાની ઘડી છે.
ફિકર શી જ્યાં લગી, તારો અમો પર આંખડી છે ?

* * * * *

ગાંધીજીની દાંડીકૂચનો જુસ્સો અને મીઠું પકવવાની તત્પરતા તે તો આજે આંખ આગળ નજરે પડે છે. ચોમેર માનવ મહેરામણ ઉમટ્યો છે, તે વખતે ગવાતાં ગીતોને ચાલો આપણે યાદ કરીએ :

તોડશું તોડશું તોડશું રે
અમે મીઠાનો કાયદો તોડશું....

* * * * *

દાંડી તણા, કિનારે મોહન મીઠું પકાવે,
મોહન મીઠું પકાવે, સૈનિક સૌ પકાવે...
એક્સોને ચાર યોદ્ધા, બાપુને સંગ ચાલે,
સત્યાગ્રહી પકાવે, સરકાર તે ઝૂંટાવે....

* * * * *

શી મોહિની મોહનમાં

કોરટ વકીલો છોડે, શાળા જુવાનો છોડે
સરકારી સાથ છોડી, લોકો મીઠું પકાવે
શી મોહિની મીઠામાં શી મોહિની મોહનમાં
રહે લાજ દેશની જ્યાં, દુનિયા મીઠું પકાવે...

જેલમાં જવાની હાકલ પણ પડતી, જેલ ઉભરાવી દેવી, બ્રિટીશ સરકારના ટાંટિયા હચમચાવી નાંખવા માટે ગવાતાં ગીતોમાંનું એક પ્રભાતિયું-



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હે જાગ સત્યાગ્રહી, ઉઠ ઉતાવળો
તુજ વિના જેલમાં કોણ જાશે... હે જાગ૦
દેશ જગાડવા, ચેતના લાવવા
તુજ વિના મોખરે કોણ થાશે.... હે જાગ૦

વિદેશી કાપડની હોળી થતી, વિદેશી કાપડની દુકાને પિકેટીંગ થતાં, જેણે તે હોળી જોઈ હોય તેને તો આજે પણ આ ચિતાર આંખ સમક્ષ ખડો થાય છે. જુઓ–

મુને લાગી લગન પિકેટીંગ તણી
દિલ મારૂં વળ્યું પિકેટીંગ ભણી... મુને૦
પરદેશી કાપડ વેચાયે
બરછી વાગે છાતી મહીં... મુને૦

મહાત્મા ગાંધીજીએ ગોળમેજી પરિષદમાં હાજર થવાની ના વાઈસરોયને લખી મોકલી તે પરથી એમની મનોવેદના આલેખતાં કાવ્યો ૧૯૩૧માં મેઘાણીભાઈએ રચ્યા. ગાંધીજી ગોળમેજી પરિષદમાં જતાં અટક્યા ત્યારે લખેલું કાવ્ય "અંતરની આહ"-

વળી જાઓ રે વાંણ વિદેશ તણાં !
મારે હૈયે તો કોડ હતાય ઘણાં
સારી સૃષ્ટિનાં સંત સમાગમનાં

* * * * *

ગોળમેજી પરિષદમાં જતી વેળા - "છેલ્લો કટોરો "

'છેલ્લો કટોરો ઝેરનો આ, પી જજો બાપુ !"

અને

માતા તારો બેટડો આવે, આશાહીન એકલો આવે.

* * * * *

આ કાવ્ય ૧૯૩૧માં ગાંધીજી હતાશ હૈયે ગોળમેજીમાંથી પાછા ફર્યા તે અરસામાં લખાયું હતું. આ કાવ્ય વાંચીને ગાંધીજીએ કહેલું કે 'મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે તે તદન સાચું છે.' ઉપરાંત ૧૯૩૩માં 'છેલ્લી સલામ'-

સો સો રે સલામું
મારાં ભાંડુડાંને દે જો રે...

બ્રિટીશ મહાસચિવના કોમી ચુકાદા સામે ગાંધીજીએ યરોડા જેલમાં અનશન વ્રત લીધું ત્યારે રચેલું. રાષ્ટ્રીય ચળવળ અહિંસક લડવાની અને સામે પક્ષે જાલીમ હથિયારધારી સરકાર. ૧૯૩૦ના પ્રારંભમાં કવિ કહે છે-

પોરો રે આવ્યો, હો સંતો પાપનો
ધરતી માંગે છે ભોગ...

* * * * *

અને, કેવાં કેવાં સમરાંગણમાં રોળાયા તેનું દ્રવ્યદ્રાવક વર્ણન 'કોઈનો લાડકવાયો'માં જણાય છે. જ્યારે આ કાવ્ય મેઘાણીભાઈએ ગાયું ત્યારે સારી યે સભાના શ્રોતાઓના આંખમાંથી અશ્રુની ધારા વહી રહી હતી. આ કાવ્ય રચવાનું કારણ રાણપુરની સરકારી હોસ્પિટલમાં ઘવાયેલા સૈનિકોનું એક ઝુંડ આવતાં અને તેમાંના એક વિશે નામો નિશાન કે વિગત નહીં મળતા મેઘાણીભાઈનું હૃદય દ્રવી ઊઠ્યું હતું અને તેમણે 'કોઈનો લાડકવાયો'ના શિર્ષક નીચે એક



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગીત દિલને ડોલાવી દેતું પ્રગટ કર્યું-

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે
કેસરવરણી સમર સેવિકા કોમલ સે'જ બિછાવે
ઘાયલ મરતાં મરતાં રે
માતની આઝાદી ગાવે...

૧૯૩૦માં કારાવાસમાં સૈનિક ત્રિવિક્રમના શબનું દર્શન કરતાં સ્ફૂરેલું ગીત 'મૃત્યુનો ગરબો'- વિદેશી સરકારને જવાની ઘડી આવી ગઈ છે અને તેઓએ દેશને જે નુકશાન કર્યું તે પરથી કવિ કહે છે-

તારાં વાગે નગારાં હવે મોતના રે
હજી ચેતી લે ઓ સરકાર...તારાં વાગે...
તારો સત્તાના ઉખડે મૂળિયાં રે
હજી ચેતી લે ઓ સરકાર... તારાં વાગે....

* * * * *

આવાં પ્રેરણાં અને જુસ્સો આપતાં કૈંક ગીતો જુદી જુદી રાષ્ટ્રીય ચળવળ દરમ્યાન રચાયાં છે. શહિદીને વરેલા વિનોદ કિનારીવાળા માટે ૧૯૪૨માં શ્રી ઉમાશંકર જોશીએ રચેલું અને સરઘસ તથા પ્રભાતફેરીમાં ગવાતું ગીત બ્રિટીશ સરકારની અકળામણ વ્યક્ત કરે છે-

'ગોરો આવ્યો, બની ઘુરાયો
સાથે લશ્કર લાયોજી,
કિનારીવાળા દુધમલ લાલા
દોડી આગમ આયો જી...

અને છેલ્લે

આવે છે રે આવે છે, સ્વરાજ્ય સ્વરો આવે છે...
તેનો જયનાદ ગગનમાં ગાજે છે, સ્વરાજ્ય સ્વરો આવે છે..

* * * * *

આ રીતે સ્વરાજ્ય આવે, તેને લાવનારો અહિંસા, સત્યના તપથી રંગાયેલો તેના હથિયારો તકલી, રેંટિયો, તે જાણે ઈશ્વરનો દૂત બનીને આવ્યો, તેને માટે પણ આરતી, ધૂન, સ્તવનો રચાયાં. એક મૂઠી હાડકાના માનવીની અપાર શક્તિમાં દૈવી ગુણો શ્રી રામપ્રસાદ દવેએ રચેલી આરતીમાં છે તે જોઈએ :

"જય દેવ, જય દેવ, જય ગાંધી, ગાંધી રાયા, જય ગાંધી રાયા,
ખાદીના ઉદ્ધારક, દારિદ્ર હરનારા... જય દેવ...

* * * * *

હવે શ્રી દુલેરાય પંડ્યાએ રચેલી ધૂન...
રઘુપતિ રાઘવ રાજા રામ,
બોલો બાપુકી જય, વીર વલ્લભકી જય
બોલો ભારત મૈયાકી જય જય જય ... રઘુપતિ
મહાત્મા ગાંધીનું પવિત્ર નામ,
સત્ય અહિંસા પામો તમામ.... રઘુપતિ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જય બોલે નહિ થાશે કામ,
સૈનિક થઈ શોભાવે નામ.... રઘુપતિ

* * * * *

કવિ શાયદા એ રચેલું ગીત...

એવો કોણ છે ?
શસ્ત્રો વિના સંગ્રામ પર ચડનાર, એવો કોણ છે ?
કાચા સુતરના તારથી લડનાર, એવો કોણ છે ?
ૐ (ઓમ) કે અલ્લાહો અકબરમાં નથી કાંઈ ભિન્નતાં
એકતાની ભાવના ભરનાર એવો કોણ છે ?
દેવ પણ નિજ દેવ સમજીને ઉતારે આરતી
દેવના પણ દેવનો અવતાર, એવો કોણ છે ?
પણ દેશની નૌકા ઉતારે પાર, એવો કોણ છે ?

* * * * *

આ રીતે દેશના ખૂણે ખૂણે.... દેશના વાતાવરણમાં ગુંજતા થયેલા રાજદ્રોહે દરેક ભારતીના દિલમાં એક નવી પ્યાસ જગાડી. એ પ્યાસ હતી આઝાદીની. દેશને સ્વતંત્રતાનું અને ગુલામને આઝાદીનું ભાન થયું.

ઝંડા અજર અમર રે'જે
વધ વધ આકાશે જાજે.

સંદર્ભગ્રંથો :

૧. ઝવેરચંદ મેઘાણી કૃત 'યુગવંદના'

૨. ઝવેરચંદ મેઘાણી કૃત 'સિંધુડો'

૩. કપિલપ્રસાદ મ. દવે કૃત 'રાષ્ટ્રનો રણનાદ'




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીર સાવરકર

ડૉ. આર. ટી. સાવલિયા★



"જો દીકરા - દીકરીઓની સંખ્યા વધારવી અને ઘર વસાવવું એ જ સંસાર કહેવાતો હોય તો આવો સંસાર ચકલીઓ પણ વસાવે છે પણ જો પરિવારનો અર્થ માનવ પરિવાર હોય તો તેને શણગારવામાં આપણે સફળ થયા જ છીએ. ધારો કે પોતાનું સુખી જીવન અમે અમારા હાથે નષ્ટ કરી નાખ્યું. પણ ભવિષ્યમાં હજારો ઘરોમાં સુખની વર્ષા થશે, શું ત્યારે અમને અમારું બલિદાન સાર્થક નહિ લાગે ?" આ શબ્દો છે, વીર સાવરકરના. જે તેઓએ જેલમાં મુલાકાતે આવેલી પોતાની ૧૯ વર્ષની પત્ની સામે વ્યક્ત કર્યા હતા. આ એક કથનમાં ક્રાંતિકારીઓનાં જીવન દર્શનનો સાર નિહિત છે. વીર સાવરકરે પોતાનાં સમયમાં અસંખ્ય યુવકોને ક્રાંતિનો ખરો રસ્તો દેખાડયો અને સમયે સમયે તેમને માર્ગદર્શન આપ્યું. સાવરકર કવિ હતા, યુગદૃષ્ટા હતા, અને ક્રાંતિકારીઓના પૂજ્ય નેતા હતા.

વીર સાવરકરના પિતા જાતે કવિ હતા. જ્યારે માતા 'હરિવિજય' અને 'રામ વિજય'નામે મરાઠી કાવ્યોનો દરરોજ પાઠ કરતાં હતાં. માતા-પિતાના ભરપૂર સંસ્કારો મેળવી સાવરકરે ૮ વર્ષની વયમાં પ્રતિજ્ઞા કરી કે "હું પણ એક મહાકાવ્ય રચીશ." ત્યારબાદ આંદામાનમાં આજીવન કારાવાસની સજા ભોગવતા તેમણે પોતાની કોટડીની દીવાલો પર "ગોમાન્તક" નામે મહાકાવ્ય લખીને આ પ્રતિજ્ઞા પૂરી કરી. નાનપણમાં જ તેઓએ પેશ્વાઓનો ઇતિહાસ 'ખબર', 'નિબંધમાળા'માં સંકલિત મહાભારતના મરાઠી ભાષાંતર 'સ્વધર્મ-દીપ' નામના માસિક પત્રની રચનાઓનું અધ્યયન કરીને કવિ સાવરકરે પોતાની પૂર્વભૂમિકા રચી. આશરે ૧૦ વર્ષની વયે પૂણેથી પ્રગટ થતાં 'જગત હિતેચ્છુ'માં તેમની પ્રથમ કવિતા છપાઈ.

સને ૧૮૯૯ માં જ્યારે સાવરકર માત્ર ૧૬ વર્ષના હતા ત્યારે અંગ્રેજ અફસર રૈણ્ડ અને આયર્સ્ટ ને ગોળી મારવાના અપરાધમાં ત્રણેય ચાફેકર બન્ધુને મૃત્યુદંડ અપાયો. આ અન્યાયથી દુઃખી કિશોર સાવરકરે પોતાની કુળદેવી અષ્ટભૂજા દશ શસ્ત્ર ધારિણી મહિષાસુરમર્દિનીની પ્રતિમાને પોતાનું લોહી અર્પિત કરતાં પ્રતિજ્ઞા કરેલી કે, 'હે માતા, મારું જીવન સર્વસ્વ, સમય,સામર્થ્ય, સંપૂર્ણ સંપત્તિ તારી મુક્તિને માટે, તને ફરીથી સ્વરાજ્ય મંડિત કરવાને માટે અને વૈભવ સંપન્ન બનાવવા માટે સમર્પિત કરું છું. હે જગન્માતા, દેશની સ્વતંત્રતાને માટે સશસ્ત્ર ક્રાંતિ દ્વારા શત્રુઓનો સંહાર કરતાં કરતાં જીવનની અંતિમ ક્ષણો સુધી જૂઝવાની હું પ્રતિજ્ઞા કરું છું."

વીર સાવરકર અને એમના મોટાભાઈ બાબા સાવરકરે "મિત્ર-મેલા" નામે એક ક્રાંતિકારી દળ ઊભું કર્યું હતું. બ્રિટિશ સરકારના રોલેટ ઍક્ટ અનુસાર એમનો ઉદ્દેશ્ય હતો કે, - "ભારતવર્ષની ગુલામીની બેડીઓ તોડી સ્વતંત્ર કરવાને માટે જરૂરી અને ઉચિત ઉપાયોથી લડાઈ લડવાનું જો સંભવ હોય તો શાંતિપૂર્ણ ઉપાયોથી, અને આ ઉપાય ન ચાલે તો દંડનીતિ વડે." બાબા સાવરકરે જ આગળ જઈને 'તરુણ-ભારત-સભા'ની સ્થાપના કરી. 'મિત્ર-મેલા'ના તત્ત્વાવધાનમાં વીર સાવરકરે નાસિકમાં પોતાનું મજબૂત સંગઠન સ્થાપિત કર્યું અને યુવાનોએ તેમને પોતાના શિરોમણિ

★ અધ્યાપક, ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કોલેજ કમ્પાઉન્ડ, આશ્રમ રોડ, અમદાવાદ-૯



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માન્યા. શિવાજી ઉત્સવ, ગણેશ ઉત્સવ, મિત્ર મિલન, સહગાન વગેરેના માધ્યમથી તેઓ પોતાના સંગઠનને સક્રિય રાખતા હતા. જ્યારે સ્વદેશીની લહેર ચાલી ત્યારે તેઓએ મિત્ર-મિલનના માધ્યમથી વિદેશી વસ્ત્રોની હોળી સળગાવવાનો કાર્યક્રમ યોજ્યો.

સને ૧૯૦૧માં મેટ્રિકની પરીક્ષા પાસ કરી તેઓ પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં દાખલ થયા. અહીં રેજીડેંસી છાત્રાલયમાં રહેતા, ત્યાં તેમણે વીર શિવાજીની આરતી રચી અને પોતાના સહપાઠીઓને દેશ પ્રેમના પાઠ ભણાવ્યા. તેઓ વિદ્યાર્થીઓને નશીલા પદાર્થોથી દૂર રહેવા, કઠોર, અનુશાસિત જીવન વિતાવવા અને દેશના દુઃખ દારિદ્રય દૂર કરવા માટે તૈયાર રહેવા પ્રેરણા આપતા હતાં. તે વખતે તેઓ પણ કિશોરવયના વિદ્યાર્થી હતાં. એમના આચાર્ય ગદ્‌ગદિત થઈને એમના વિશે કહેતા કે "એક દિવસ આ મહાન ચળવળનું નેતૃત્વ સંભાળશે."

પરંતુ તે સમયે એમના ઉગ્ર રાષ્ટ્રવાદી વિચારો જોઈને અંગ્રેજ-પદ્ધતિના કૉલેજ પ્રશાસને તેમને કૉલેજમાંથી કાઢી મૂકવામાં જ પોતાની સલામતી માની, સાથે જ દસ રૂપિયા દંડ પણ ઠોકી બેસાડયો. તે સમયે લોકમાન્ય તિલકના "કેસરી"માં જ એટલું સાહસ હતું કે સાવરકરની પ્રશંસા કરી શકે અને કૉલેજ અધિકારીઓને પડકારી શકે. કૉલેજમાંથી કાઢી મૂકયા છતાં સાવરકર સામાન્ય છોકરાઓની જેમ માત્ર ઘોંઘાટ કરીને પોતાના કિંમતી સમયને વેડફી નાખવાના પક્ષમાં ન હતાં. એટલે તેઓ આખો દિવસ દેશ સેવા કરતાં અને અને રાત્રે જાગીને અભ્યાસ કરતાં હતાં. જાતે સ્વાધ્યાય કરીને જ તેમણે બી.એ.ની પરીક્ષા પાસ કરી.

એમના મિત્ર-મેલાથી જ 'અભિનય ભારત સમિતિ'નો પ્રાદુર્ભાવ થયો. આ સમિતિના સદસ્યોએ અનેક ક્રાંતિકારી ચળવળોનું સંચાલન કર્યું. અને તત્કાલીન બ્રિટિશ સરકારને હચમચાવી નાખી હતી. રૈણ્ડનું ખૂન કરનાર ચોફેકર બન્ધુ, જેકસનને મારી નાખનાર અનંત કાન્હેરે, એશને મૃત્યુની મજા ચખાડનાર વંચી અય્યર, કર્જન વાયલીને તેના જ વતનમાં, તેના જ દેશવાસીઓની વચ્ચે ગોળીએ વીંધનાર મદનલાલ ધીંગડા-આ બધાનો સંબંધ આ ક્રાંતિકારી દળ સાથે હતો. તેમના પ્રેરણા સ્રોત ઓક્સફોર્ડમાં સંસ્કૃત, મરાઠી અને ગુજરાતી શીખવનાર પં. શ્યામજી કૃષ્ણ વર્મા, જે સ્વામી દયાનંદના શિષ્ય હતા. સન ૧૯૦૬ માં યુરોપથી પ્રકાશિત 'ઇન્ડિયન સોશલીસ્ટ' નામના પત્રમાં 'રાણાપ્રતાપ શિષ્યવૃત્તિ' અને 'શિવાજી શિષ્યવૃત્તિ' અંગે જાહેરાત છપાઈ. સાવરકરે શ્યામજી કૃષ્ણ વર્માને પોતાની અરજી મોકલી આપી. સાથે સાથે લોકમાન્ય તિળક અને પ્રો. પરાંજપેએ પણ તેમની ભલામણ કરી. તેથી શિવાજી શિષ્યવૃત્તિ ઉપર બેરિસ્ટર બનવા ૨૨ વર્ષીય વીર સાવરકર લંડન પહોંચ્યા. તેમના 'અભિનય ભારત' ની સભાઓ લંડનમાં પણ થતી. સતત ચાર વર્ષ સુધી તે લંડનમાં 'ફ્રી ઇન્ડિયા' નામે સક્રિય રહ્યા. એમની ગતિવિધિઓની પ્રતિધ્વનિ ત્યાંના છાપાઓમાં પણ રજૂ થતી હતી. ક્યાંય સુધી 'લંડન ટાઇમ્સ'માં તેમના વિશે આક્રોશ ભરેલા સંપાદકીય લેખો પણ લખાયા. પોતાના ક્રાંતિકારી સાથીઓ સાથે તેઓ મોટા ભાગે લંડનમાં આ પ્રતિજ્ઞા દોહરાવતા :

**"ભારતવર્ષ સ્વતંત્ર થઈને જરૂર એક રાષ્ટ્ર બનશે. ભારતવર્ષ લોકસત્તાત્મક બનશે. ભારતમાં એક ભાષા અને લિપિ હશે. લિપિ નાગરી અને ભાષા હિન્દી હશે. લોકશાસનમાં રાજા રહે અગર તો રાષ્ટ્રએ પસંદ કરેલ પ્રમુખ, તે ત્યાં સુધી જ સત્તા ઉપર રહેશે, જ્યાં સુધી તે લોકો વડે ચૂંટાયેલો હશે."**

છેલ્લે અભિનવ ભારત સમિતિના સભ્યો ઉપર સતારા, નાસિક અને 'ગ્વાલિયર ષડયંત્ર'ના કેસ ચાલ્યા અને 'નાસિક ષડયંત્ર'ના સંદર્ભમાં વીર સાવરકરને પણ કેદ પકડવામાં આવ્યા. પણ દેશને આઝાદ કરાવવાનો તેમનો સંકલ્પ હજી પૂરો થયો નહતો. તેથી તેઓ વચ્ચે દરિયામાં કૂદી પડયા કે અંગ્રેજોની કેદથી બચીને દેશનું કામ કરી શકે. ફરી પકડાતાં તેમને કાળાપાણીની બેવડી સજા થઈ એટલે કે કુલ ૫૦ વર્ષ. કાળા પાણીની સજા મેળવનાર પોતાના પરિવારના તેઓ એકલાં જ વ્યક્તિ ન હતાં. મોટાભાઈ બાબા સાવરકર અને નાનો ભાઈ ડૉ. નારાયણ સાવરકર આ બંને પણ જુદી જુદી ચળવળોમાં ભાગ લેવા અંગે કાળાપાણી મોકલાયા હતાં.

સાવરકરના કહ્યા પ્રમાણે 'જેલમાં મને ઘાણી ખેંચવાનું કામ સોંપાયું. હું તેલ પીલતો અને તે ખાઈ જતાં બીજા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ કોઈ. પણ ના, તે તેલનાં એક એક ટીપાંથી ભારતમાં આગની જ્વાળાઓ સળગી ઊઠી હતી. આંદામાનમાં કેટલાકને ફાંસી અપાઈ. અમે પણ કષ્ટો ભોગવતાં હતાં. પણ અમારા લક્ષ્યથી વિચલિત થયા નહિ.'

આંદામાનની સેલ્યુલર જેલમાં તેમના ગળામા પાટિયું લટકાવેલું તેના પર લખેલું હતું કે, 'સન ૧૯૧૦માં સજા આપવામાં આવી, સન ૧૯૬૦માં સજા પૂરી થતાં છૂટકારો થશે.' પણ વીર સાવરકરનું કહેવું હતું, "શું અંગ્રેજ સરકાર ભારતમાં ૫૦ વર્ષ સુધી ટકી પણ રહેશે ?" સન ૧૯૪૭ માં આઝાદી મળ્યા પછી નાગપુરની એક જાહેર સભામાં સાવરકરે 'અભિનવ ભારત'નામે આ ગુપ્ત સંસ્થાના વિસર્જનની વિધિસર જાહેરાત કરી.

૧૪ વર્ષનો જેલવાસ અને પાંચવર્ષના અજ્ઞાત વાસ પછી વીર સાવરકર પાછા આવ્યા, ત્યારે ૨૫ ઓગષ્ટ, ૧૯૨૪ના દિવસે નાસિકમાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. પોતાના ભાષણમાં વીર સાવરકરે ગદ્ગદ સ્વરે કહ્યું,

'તમે લોકોએ મારું સમ્માન જેવી રીતે કર્યું છે તેનો હું શું જવાબ આપું ? અત્યારે મને આશરે ૧૪ વર્ષ પહેલાંની એક વાત યાદ આવે છે. મને સજા સંભળાવવામાં આવી હતી. અને કેદીઓની ગાડીમાં બેસાડયો. આગળ - પાછળ ઘોડેસ્વારોનો ઘેરો હતો. મને કોઈ અજાણી જગ્યાએ લઈ જવાતો હતો. ગાડીમાં સંકડાશ અને અંધારૂ હતું. હાથે હથકડીઓ પહેરાવી હતી. ગાડી સડક પર ચાલતી હતી. બહારના માણસોની વાતો સંભળાતી હતી, પણ હું કોઈને જોઈ શકતો ન હતો. તે વખતે એક પોલિસ અફસર જેઓ એક ખાન સાહેબ હતા. એમણે ગાડીની બારી સહેજ ખસેડી મને કહ્યું, 'સાવરકર, તમારી હાલત ઉપર મને દયા આવે છે. તમારા જેવા જુવાન બેરિસ્ટરી કરવાને બદલે જેલમાં જાય – આ વાત બરાબર નથી. પેલો સામે જે બંગલો દેખાય છે તે તમારા જેવા એક બેરિસ્ટરનો છે. માત્ર ચાર વર્ષ વકિલાત કરીને એણે આટલું ધન અને યશ મેળવ્યાં છે.' મેં જવાબ આપ્યો, 'ખાન સાહેબ, આપ સમજો છો કે મેં વકિલાત કરી નથી ? ના, એ વાત નથી, મેં એક મોટો કેસ હાથમાં લીધો છે, તે કોઈ માણસનો નથી, પરંતુ મારા પોતાના દેશનો છે, અને તે છે, અંગ્રેજોની ગુલામીમાંથી એને સ્વતંત્ર કરવાનો."

દેશની વકિલાત માટે સાવરકરને રત્નગિરિ માં ૯ મી મેં, ૧૯૩૭ સુધી નજર કેદ રખાયા. ત્યારબાદ તેઓ છૂટી શકયા હતા કે એમની પ્રિય માતૃ-ભૂમિને બે ભાગમાં વહેંચવાની પૂરી તૈયારી થઈ ચૂકી હતી. અવસરવાદી અને સત્તા-લોભી રાજનીતિનો નવો ચહેરો જોઈ એમનું હૃદય ચૂર ચૂર થઈ રડી ઊઠયું. થાકીને છેવટે તેઓએ હિંદુ સંગઠનમાં પોતાની શક્તિ લગાડી. તેમનો અપૂર્વ ઉત્સાહ જોઈને સ્વામી શ્રદ્ધાનંદે કહ્યું, "વીર સાવરકરમાં વેદોનો પડઘો પાડનાર કોઈ ઋષિનો આત્મા અવતર્યો છે."

આવી હાલતમાં પણ સાવરકરે પોતાની કુશળ નિર્ણયક્ષમતા વડે સદા દેશહિતનું સાધન કરેલું અને ખૂબ જ દૂરગામી નિર્ણયો કર્યા-કરાવ્યા. જેમકે, ૨૨ જૂન, ૧૯૪૦ ના દિવસે નેતાજી સુભાષચંદ્ર બોઝે સાવરકર સાથે મળીને જણાવ્યું કે, કલકત્તામાં ઊભી કરેલી અંગ્રેજોની બધી મૂર્તિઓ તોડી નાખવાની તેમની યોજના છે. ત્યારે સાવરકરે દૂરંદેશી દાખવતા તત્કાલીન એમને ખરો રસ્તો સૂઝાડયો અને કહ્યું કે, એમ કરીને જેલમાં જવાને બદલે અંગ્રેજોની નજર ચૂકાવી દેશની બહાર ચાલી જવું અને જર્મની, ઇટાલી વગેરે દેશોમાં ફસાયેલા ભારતના સૈનિકોનું માર્ગદર્શન કરતાં સંપૂર્ણ ભારતની સ્વતંત્રતા ઘોષિત કરવી. તેમની સલાહ માની નેતાજી જર્મની પહોંચ્યા. નેતાજીએ ૨૫મી જૂનના દિવસે સિંગાપુરની કૈથે બિલ્ડીંગમાંથી પોતાનું ઉદ્બોધન પ્રસારિત કરતાં કહ્યું હતું :

"જયારે ભ્રમિત રાજનૈતિક વિચારો અને અદૂરદર્શિતાને લીધે પાર્ટીના લગભગ બધા જ નેતાઓ ભારતીય સેનાનાં સૈનિકોને ભાડે લીધેલા ટટ્ટૂ કહીને બદનામ કરી રહ્યા હતા ત્યારે સર્વપ્રથમ વીર સાવરકરે નિર્ભયપણે ભારતીય યુવકોને સેનામાં ભરતી થવા પ્રેરણા આપી હતી. સાવરકરની પ્રેરણાથી ભારતીય સેનામાં દાખલ થયેલા યુવકો આગળ ચાલીને આપણી આઝાદ હિંદ સેનાનાં સિપાહીઓ બન્યા."

સાવરકર જેવા પુણ્યશાળીઓની સખત મહેનત અને આપેલા બલિદાનોનું પરિણામ છે આપણી વર્તમાન



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આઝાદી. આ વિશે બ્રિટિશ પાર્લામેન્ટમાં રજૂ કરેલા ઠરાવ ઉપર ચર્ચામાં સાક્ષી પૂરતા સાવરકરનો મત હતો કે, 'જ્યારે બ્રિટિશ પાર્લામેન્ટમાં આ વિધેયક રજૂ થયું ત્યારે ભારત ઉપરથી પોતાનું સામ્રાજ્ય ખસેડી લેવાની વાતથી દુઃખી થયેલા સામ્રાજ્યવાદી સર વિંસ્ટિન ચર્ચિલે પૂછેલું કે, "શું આ ઠરાવ પાસ કર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી ?" જવાબમાં તે સમયના પ્રધાનમંત્રી સર ક્લીમેંટ એટલીએ કહ્યું કે, "ભારતને આઝાદી આપવાનું ખાસ કારણ એ છે કે, ત્યાંની સેના હવે અંગ્રેજો પ્રત્યે માત્ર રોટી ખાતર વફાદાર રહી નથી. અને બ્રિટન પાસે હવે એટલી તાકાત નથી કે તે હિંદુસ્તાની સેનાને દબાવી રાખી શકે." યાદ રહે કે આ સૈનિકો નેતાજીના પ્રત્યક્ષ પ્રભાવમાં હતા અને તેમની સામે અંગ્રેજી સેનાએ હેરાન-પરેશાન કરેલા ક્રાંતિકારીઓના બલિદાનની લાંબી પરંપરા હતી.

સેનામાં સાવરકરને અતૂટ વિશ્વાસ હતો. માટે એક બાજુ જ્યાં દેશની યુવા પેઢીઓ આગળ આવીને સેનામાં ભરતી થવાનું આહ્‌વાન કરતાં હતા ત્યાં બીજીબાજુ દેશને પરમાણુ શક્તિ બનાવવાના સ્વપ્નો પણ જોતા હતાં. તેઓ માત્ર સુધારક ન હતા, પણ દરેક જાતના અન્યાય અને અનીતિનો વિરોધ કરતા હતા. તેઓએ કાયમ અખંડભારતની વકિલાત કરી, હિંદુ રાષ્ટ્રની યોજનામાં લાગ્યા રહ્યાં. વચનેશ ત્રિપાઠીના કહ્યા પ્રમાણે **'યાદ રહે હિન્દુ'** શબ્દ તે એવા દરેક માણસ માટે લાગુ કરતા હતા, **જે ભારતમાં જન્મેલો હોય અને માતા તરીકે માનતો હોય તેમજ દેશની સંસ્કૃતિ પ્રત્યે નિષ્ઠાવાન હોય.'**

સહ્યાદ્રિના આ સિંહે આઝાદ ભારતમાં ક્યારે પણ કોઈ પદની લાલસા રાખી ન હતી. જ્યારે તેઓ શારીરિક રીતે અશક્ત થઈ ગયા તો પોતે જ દેહ ત્યાગ કર્યો. **રંગાયેલા શિયાળોની ગર્દીથી પોતાની પૂજા કરાવવાની તે સિંહમાં ક્યારેય આકાંક્ષા ન હતી.** વીર સાવરકર નાના પ્રકારના અભાવો વચ્ચે પણ પોતાને સહુથી સુખી માનતા હતાં.

**"તે ભારત માતાની શાન તેમજ આશા છે. આંદોલનની પાછળ એમની પ્રેરણા છે, એમના બલિદાન છે અને એમની જીત છે. આઝાદીની રાહ પર મશાલ લઈને ચાલનારા એ જ છે. મુક્તિની રાહ પર એ તીર્થ-યાત્રી છે."**

---

**(અનુસંધાન પૃ. ૨૨નું ચાલુ)**

**ઉપસંહાર :**

બોરસદ, પેટલાદ અને માતર તાલુકામાં જંગલો અને ઝાડી સાફ થતી હશે તે વખતે માત્ર વસવાટ સૂચક ગામો વસતા જતા હોવાની કલ્પના કરી શકાય. આ ગામોનો વસવાટ થયા પછી બીજા નામો પાડવાને બદલે લોકોએ પોતાના નામો વાળા પુર, પરા અને પર વસાવવાની શરૂઆત કરી. આ પ્રકારના નામોમાં જે માણસોના નામો છે. તે જોતા તે મુખ્યત્વે હિંદુ નામો જણાય છે. પરંતુ મુસ્લિમ નામનો સદંતર અભાવ નથી માત્ર નામો તથા ભાષાના અભ્યાસના બળે આમ વિધાન થઈ શકે. પરંતુ આ વિધાનો સ્થળ તપાસ દ્વારા તપાસીને તથા પૂર્વકાલીન કે મધ્યકાલીન, લેખો, દસ્તાવેજો વગેરે જોઈને આ અભ્યાસમાં રહેલા દોષો સતત સુધારતા જઈએ તો જ આપણા પ્રદેશની સંસ્કૃતિ, સંસ્કાર અને ઇતિહાસનો બરાબર ખ્યાલ આવે.

બોરસદ, પેટલાદ અને માતર તાલુકાનાં સ્થળનામો ગામોના વસવાટ ઉપર, ભૂરચના ઉપર, વનસ્પતિ ઉપર અને વિવિધ અંગો ઉપર જે પ્રકાશ પાડે છે. તેની ઝાંખી અહીં કરાવવાનો પ્રયત્ન કર્યો છે. અને તેમાં જે અપૂર્ણતા છે. તેનો નિર્દેશ પણ કર્યો છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંચમહાલ જિલ્લાના સ્વાતંત્ર્ય સૈનિક શ્રી વામનરાવ મુકાદમનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન*

ડૉ. મહેબૂબ દેસાઈ+

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીની હાકલને જીવનમંત્ર બનાવી પોતાના સમગ્ર જીવનને દેશ માટે હોમી દેનાર અનેક અજાણ્યા સ્વાતંત્ર્ય સૈનિકો ઈતિહાસના પડોમાં ભંડારેલા પડયા છે. પણ જેમનો નામોલ્લેખ સુધ્ધાં ઈતિહાસના પાનાઓ પર ક્યાંય નથી. ઈતિહાસની ગર્તતામાં ઓગળી ગયેલા આવા જ એક સ્વાતંત્ર્ય સૈનિક છે. પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં જન્મેલા (૧૮૮૫)[1] શ્રી વામનરાવ સીતારામ મુકાદમ.

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકે આ અદના સ્વાતંત્ર્ય સૈનિકનો પરિચય આપતા પોતાની 'આત્મકથા'માં લખ્યું છે. 'ઓકટોબર (૧૯૧૭)ના આરંભમાં તે જિલ્લા તરફ મેં કદમો માંડયા, વરસના આરંભમાં ગાંધીજી સાથે મને વામનરાવ મુકાદમે સત્કારેલો. તેથી હવે મેં પણ ગોધરાની રાજકીય પરિષદ[2]ને સફળ બનાવવાને તેમનો સાથ લીધો હતો. મુકાદમનું શરીર પ્રમાણમાં ટૂંકું પણ બાંધી દંડીનું હતું. તેમની ઝીણી આંખોમાંથી ઝરતો આતશ અને તેમની જીભમાંથી વરસતી અગન પરથી તેમની રાજકીય ઉગ્રતા સહેજે વર્તાતી. મહારાષ્ટ્રના અસલ વતની મુકાદમ વરસોથી લોકમાન્ય ટિળકના જીવન અને લેખોમાંથી પ્રેરણા મેળવીને, ઉદ્દામ વિચારના બનેલા, હોમરૂલ લીગની ચળવળથી અને આવતી રાજકીય પરિષદથી તેમને જોઈતી તક સાંપડી અને જોતજોતામાં તેમના જિલ્લાના ઉદ્દામ રાજકીય અગ્રેસર બની ગયા. આ કાર્ય છેક સહેલું તો નહોતું. ખાનગી જીવનમાં વામનરાવ, મણિલાલ મહેતાની હાઈસ્કૂલમાં શિક્ષક હતા. તેમની આવક છેક ટૂંકી હતી અને કુટુંબ બહોળું હતું.'[3]

વામનરાવ સીતારામ મુકાદમનો આટલો શાબ્દિક પરિચય તેમની રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં રહેલી પ્રારંભીક સક્રિયતા વ્યક્ત કરે છે. વામનરાવે સૌ પ્રથમ હોમરૂલ લીગની પ્રવૃત્તિ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં વેઠ નાબુદી કરવાનો જાહેર પ્રચાર તેમના યુવા સાથીઓ વકીલ દલસુખભાઈ શાહ, વકીલ પુરુષોત્તમદાસ અને ડૉ. માણેકલાલ સાથે ખૂબ જ નિષ્ઠાપૂર્વક કર્યો હતો.[4] વામનરાવે વેઠ વિરુદ્ધ ચળવળ જગાવી ત્યારે તેમાં પોતાની મુક્તિનો મંત્ર પારખી હજારો ભીલો હોમરૂલની ચળવળમાં રસપૂર્વક જોડાયા હતા.[5]

આમ, વામનરાવે હોમરૂલ આંદોલન દ્વારા પંચમહાલ જિલ્લામાં પ્રગટાવેલી જાગૃતિ એટલી અસરકારક હતી કે જ્યારે ૧૯૧૭ના ફેબ્રુઆરીની ૧૮ તારીખે સૌ પ્રથમવાર ગાંધીજી ગોધરા આવ્યા ત્યારે તેમનો ઉતારો વામનરાવ મુકાદમને ત્યાં જ હતો.[6] એ પછી ગુજરાત રાજકીય પરિષદનું પ્રથમ અધિવેશન ભરવાની વિચારણા ચાલી ત્યારે વામનરાવે જ અધિવેશન ગોધરામાં ભરવાનું નિમંત્રણ ગાંધીજીને પાઠવ્યું હતું. ગાંધીજીએ તે નિમંત્રણનો સ્વીકાર કરી ગુજરાત રાજકીય પરિષદનું પ્રથમ અધિવેશન ગોધરામાં ભર્યું હતું.

વામનરાવ મુકાદમની જહેમતને કારણે જ ગુજરાત રાજકીય પરિષદનું અધિવેશન ઘણી રીતે સ્વાતંત્ર્ય સંગ્રામનાં ઈતિહાસમાં નોંધપાત્ર બન્યું હતું. જેમ કે આ જ અધિવેશનમાં ગાંધીજીને તેમની જરૂરિયાત મુજબનો રેંટિયો શોધી આપનાર ગંગાબહેનનો વિશેષ પરિચય થયો હતો. આ અંગે ગાંધીજી લખે છે :

'આ બહેનનો વિશેષ પરિચય ગોધરાની પરિષદમાં થયો હતો. મારું દુઃખ મેં તેમની પાસે મુક્યું, ને દમયંતી જેમ નળની પાછળ ભમી હતી તેમ જ રેંટિયાની શોધમાં ભમવાનું પણ (પ્રતિજ્ઞા) લઈ મારો ભાર તેમણે હળવો કર્યો. ગુજરાતમાં સારી પેઠે ભટકયા પછી ગાયકવાડના વીજાપુરમાં ગંગાબહેનને રેંટિયો મળ્યો.'[7] આમ, વામનરાવ મુકાદમના

---

* ૧૪,૧૫ માર્ચ, ૧૯૯૮ ના રોજ ભાવનગર યુનિવર્સિટીમાં મળેલ પશ્ચિમ વિભાગીય સેમીનારમાં રજૂ થયેલ શોધપત્ર.

+ રીડર, ઇતિહાસ ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિમંત્રણથી ગોધરામાં ભરાયેલી ગુજરાત રાજકીય પરિષદ ગાંધીજીના મુખ્ય રચનાત્મક શસ્ત્ર રેંટિયાની શોધ માટે પણ ઉપયોગી' સિદ્ધ થઈ હતી.

પંચમહાલ જેવા પછાત વિસ્તારમાં રાષ્ટ્રીય જાગૃતિને સતત ધબકતી રાખવાનું કાર્ય અલબત્ત કપરું હતું. પણ ગાંધીજી સાથેના સંપર્ક પછી સહકાર આંદોલનમાં પણ તનતોડ મહેનત દ્વારા વામનરાવે પંચમહાલ જિલ્લાને ધમધમતો રાખ્યો હતો. પંચમહાલ જિલ્લાના બાટીયા, લુણાવાડા, સંતરામપુર, જાંબુઘોડા અને સેજલનાં દેશી રાજ્યોમાં અસહકાર આંદોલનને પ્રસરાવવામાં વામનરાવે સક્રિય પ્રયાસો કર્યા હતા. ગોધરામાં પણ વામનરાવે પોતાના સાથીઓ દલસુખભાઈ શાહ, દાક્તર માણેકલાલ, વકીલ પુરુષોત્તમદાસ વગેરેના સહયોગથી અસહકાર આંદોલનને સક્રિય રાખ્યું હતું. વિદેશી કાપડની હોળી અને અંગ્રેજ સરકારને દરેક ક્ષેત્રમાં અસહકાર કરવામાં વામનરાવ અગ્ર હતા. ૧૯૨૨ની ૮મી ફેબ્રુઆરીએ ગાંધીજીએ અસહકાર આંદોલન મોકૂફ રાખ્યું. અને ૧૦ માર્ચ, ૧૯૨૨ના રોજ ગાંધીજીની ધરપકડ થઈ. એટલે પંચમહાલમાં પણ અસહકાર આંદોલન મુલતવી રહ્યું. પણ વામનરાવે તેમના સાથીઓના સહકારથી પોતાના વિસ્તારમાં રચનાત્મક પ્રવૃત્તિઓ આરંભી. આ જ અરસામાં ઝાલોદમાં તેમના સહકારથી ભીલો માટે શાળા શરૂ થઈ. ભીલ સેવા મંડળનું ઉદ્‌ઘાટન પણ ઠક્કરબાપાના હસ્તે આ જ અરસામાં થયું.

૧૯૩૦ માં વામનરાવ મુંબઈની ધારાસભાના સભ્ય હતા. પણ ગાંધીજીની દાંડીયાત્રાનો આરંભ થતાં જ વામનરાવે ધારાસભામાંથી રાજીનામું આપી દીધું. અને ગાંધીજીના મીઠા સત્યાગ્રહમાં જોડાવાની જાહેરાત કરી. તેઓ ૧૫-૪-૧૯૩૦ ના રોજ સચીન પાસે ત્રણ માઈલને અંતરે આવેલા ઉભેર ગામે ગાંધીજીને મળ્યા. પંચમહાલ જિલ્લો મીઠા સત્યાગ્રહમાં ૨૧-૪-૧૯૩૦ ના રોજ સામેલ થઈ રહ્યો હતો. એટલે ગાંધીજીના આશીર્વાદ લેવા વામનરાવ ગાંધીજીને મળ્યા હતા. ગાંધીજી, વામનરાવ અને શ્રી લક્ષ્મીકાંત શ્રીકાંતને મળ્યા. અને પંચમહાલની પ્રજાને પ્રેરક સંદેશો આપતા કહ્યું,

'પંચમહાલ મોડું જાગે છે તેમાંય ઈશ્વરીય સંકેત હશે. આ યુદ્ધમાં પહેલો તે છેલ્લો બેસે ને છેલ્લો એ પહેલો બેસે તો નવાઈની વાત ન ગણાય. પંચમહાલની શક્તિનો પાર નથી. પણ દુઃખ એ છે કે આપણે આપણી શક્તિઓ ઓળખતા નથી. આ વખતે ઓળખ કરવાની છે. પંચમહાલ કરશે એવી આશા છે જ.'[૮]

ગાંધીજીના આશીર્વાદ પછી પંચમહાલમાં સવિનય કાનૂનભંગની લડત સક્રિયપણે ચાલી. સ્થાનિક ઉપરાંત ધારાસભા માટે પણ વામનરાવના નેતૃત્વ નીચે એક ટૂકડી તૈયાર થઈ. અને ૧૯૩૦ માં તે માટે સૈનિકોની પસંદગી વામનરાવની આગેવાની તળે ગોધરા, શહેરા, કાલોલ, હાલોલ, દાહોદ અને ઝાલોદમાં થઈ. ગોધરાની પ્રજાએ વામનરાવની ટૂકડીને ભવ્ય વિદાય આપી. આમ ધારાસણાના મોરચે વામનરાવ પોતાની ટૂકડી સાથે પહોંચ્યા. ધારાસણામાં વામનરાવ અને તેમની ટૂકડી મીઠાનાં કાયદાનો ભંગ કરવા ખાડી પર પહોંચી ત્યારે અંગ્રેજ પોલીસે તેને ચારે બાજુથી ઘેરી લીધી. પછી વામનરાવને કેદ કર્યા. અને તેમને ઢસડીને ટૂકડીમાંથી બહાર કાઢયા. પછી મીઠાંના પાણીમાં તેમને ધક્કો માર્યો. ટૂકડીના અન્ય સભ્યોને લાઠીમાર કરી કાઢી મૂક્યા પછી વામનરાવને માફી માગવા, નમાવવા અનેક અમાનવીય અત્યાચારો કર્યા. પણ વામનરાવ જરા પણ ડગ્યા નહિ. અંતે તેમની ધરપકડ કરી. તેમના પર કોર્ટમાં કેસ ચાલ્યો અને તેમને દોઢ વર્ષની કેદની સજા કરવામાં આવી.[૯]

આ પછી ૧૯૩૨માં પુનઃલડતનો આરંભ થયો. ત્યારે અંગ્રેજ સરકારે સક્રિય સૈનિકોની યાદી મુજબ વામનરાવની ધરપકડ કરી. ૧૯૩૨ના માર્ચમાં દાહોદના મેજિસ્ટ્રેટ સમક્ષ તેમનો કેસ ચાલ્યો. અને તેમને બે વર્ષની કેદની સજા થઈ. આ સજા તેમણે વીસાપુર જેલમાં પસાર કરી.[૧૦]

વામનરાવે મીઠા સત્યાગ્રહ ઉપરાંત પંચમહાલ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિને અનુરૂપ કરેલો 'મલાવ જંગલ સત્યાગ્રહ'[૧૧] તેમની સૂઝ અને દેશદાઝને વ્યક્ત કરે છે. અંગ્રેજ સરકારના મલાવ ગામની સીમમાં આવેલા ઘાંસના બીડોમાં ઢોરોને ચરાવવા મૂકી દઈ વામનરાવે એ સમયે જે હાહાકાર મચાવ્યો હતો તે તો એ યુગના કોઈ માનવીને પૂછો ત્યારે જ પામી શકાય.

૧૯૩૨ પછી વામનરાવ રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા. પણ જ્યારે ગાંધીજીએ ૧૯૩૯ માં વ્યક્તિગત



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સત્યાગ્રહ માટે સક્રિય સૈનિકોને હાકલ કરી ત્યારે પાછો વામનરાવે સત્યાગ્રહના શસ્ત્રનો ઉપયોગ કર્યો. ગોધરાના કાછીયાવાડમાં ૨૨-૧૨-૧૯૩૯ ના રોજ યુદ્ધ વિરોધી સૂત્રોચ્ચાર કરી વામનરાવે વ્યક્તિગત સત્યાગ્રહ કર્યો. અને ધરપકડ વહોરી લીધી. આ વખતે તેમને એક વર્ષની કેદની સજા થઈ.[૧૨]

૮ ઓગષ્ટ, ૧૯૪૨માં 'હિન્દ છોડો' લડતનો આરંભ થયો. અંગ્રેજ સરકારે તેનું દમન કરવાના પગલાં રૂપે સ્થાનિક અગ્ર સ્વાતંત્ર્ય સૈનિકોની સૌ પ્રથમ ધરપકડો કરવા માંડી. જેથી લડત સ્થાનિક કક્ષાએ નેતાહિન બની જાય અને તૂટી જાય. એ નાતે ગોધરામાંથી તા. ૯-૮-૧૯૪૨ ના રોજ વામનરાવની ધરપકડ કરવામાં આવી પણ સરકારની ધારણા ખોટી પડી. વામનરાવની ધરપકડ પછી પણ પંચમહાલ જિલ્લામાં અહિંસક અને હિંસક બંને પ્રકારની લડતો સક્રિય રીતે ચાલી હતી. વામનરાવ અને તેમના સાથીઓએ પ્રજામાં પ્રગટાવેલ જાગૃતિનું તે પરિણામ હતું.

વામનરાવ મુકાદમ સ્વાતંત્ર્ય સૈનિક સાથે એક અચ્છા પ્રજાપ્રિય સેવક પણ હતા. ૧૯૪૨માં તેઓ ભારે બહુમતીથી મુંબઈની ધારાસભામાં ચૂંટાયા હતા. ૧૯૪૭ માં પણ મુંબઈ ધારાસભાના તેઓ સભ્ય રહ્યા હતા. પણ સત્તા પર ટકી રહેવાનો તેમનો સ્વભાવ ન હતો. એટલે જ જ્યારે જ્યારે સ્વાતંત્ર્ય લડતની હાકલ પડી ત્યારે તેમણે એક સ્વાતંત્ર્ય સૈનિક તરીકે જ લડવાનું સ્વીકાર્યું હતું. સ્વાતંત્ર્ય સંગ્રામની એકપણ લડત એવી નહીં હોય જેમાં વામનરાવનું પ્રદાન ન હોય. તેમણે પોતાના સમગ્ર જીવન દરમિયાન પાંચ વાર દેશ કાજે જેલ યાત્રા ભોગવી હતી. છેલ્લીવારની જેલયાત્રા દરમિયાન તો તેમણે જેલમાં 'શિવાજી મહારાજ' નામક પ્રજાની રાષ્ટ્રીય ભાવનાને પ્રેરે તેવું પુસ્તક પણ લખ્યું હતું. ઈ.સ. ૧૯૫૦ માં તેમનું અવસાન થયું ત્યાં સુધી તેઓ એક સાચા સ્વાતંત્ર્ય સૈનિક બની રહ્યાં હતા.[૧૩]

આવા નિઃસ્વાર્થી, સેવાભાવી અને દેશની સ્વાતંત્ર્ય લડતોમાં પોતાનું સમગ્ર જીવન ફના કરી નાંખનાર અનેક અજાણ્યા દેશભક્તોથી હજુ આપણો ઈતિહાસ વંચીત છે. ખરેખર તો સ્વાતંત્ર્ય સંગ્રામને પોતાના ખભાઓ પર વહન કરનાર આવા જ અજાણ્યા સ્વાતંત્ર્ય સૈનિકો છે, જેમણે ગાંધીજી, પંડિત નેહરુ, સરદાર પટેલ અને મૌલાના આઝાદ જેવા નેતાઓના રાષ્ટ્રીય વિચારોને ગામની ગલીઓ અને શહેરની સડકો સુધી પહોંચાડવામાં પોતાનું સમગ્ર જીવન ખર્ચી નાખ્યું હતું. ઈતિહાસ સંશોધકો આવા પાયાના સ્વાતંત્ર્ય સૈનિકોના પ્રદાનની નોંધ ઈતિહાસમાં લેશે ખરાં ?

## પાદટીપ

૧. સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયા, માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ૧૯૬૯, પૃ.૨૬૯.

૨. 'ગુજરાત રાજકીય પરિષદ'નું પ્રથમ અધિવેશન ૩,૪ અને ૫ નવેમ્બર, ૧૯૧૭ના રોજ ગાંધીજીના પ્રમુખ સ્થાને ગોધરામાં મળ્યું હતું. અત્રે તેની તૈયારીનો ઉલ્લેખ છે.

૩. યાજ્ઞિક ઈન્દુલાલ, આત્મકથા ભાગ-૨, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૫૫,પૃ.૧૮.

૪. શુક્લ, રામચંદ્ર દામોદર, સ્વાતંત્ર્ય સંગ્રામમાં પંચમહાલ, દાહોદ, ૧૯૮૬, પૃ. ૨૬.

૫. (અ) એજન પૃ. ૨૯ (બ) યાજ્ઞિક ઈન્દુલાલ, ઉપર્યુક્ત ગ્રંથ, પૃ. ૩૧૮.

૬. દલાલ, ચંદુલાલ (સંપાદક), ગાંધીજીની દિનવારી, પ્ર.ગુજરાત રાજય મહાત્મા ગાંધી જન્મ શતાબ્દિ ઉજવણી સમિતિ, અમદાવાદ, ૧૯૭૦, પૃ. ૩૮.

૭. ગાંધી, મોહનદાસ કરમચંદ, સત્યનાપ્રયોગો, પ્ર.નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૨, પૃ. ૪૧૮.

૮. ગાંધીજીનો અક્ષરદેહ - ૪૩, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પૃ. ૨૯૨,૨૯૩.

૯. ધારાસભાનો કાળોકેર, પ્ર.મંત્રી, ગુજરાત પ્રાંતિક સમિતિ, અમદાવાદ, ૧૯૩૦, પૃ.૮૨.

૧૦. શુક્લ, રામચંદ્ર દામોદર, ઉપર્યુક્ત ગ્રંથ, પૃ. ૧૨૨.

૧૧. (અ) શ્રીકાંત, લક્ષ્મીદાસ, પંચમહાલનો જંગલ સત્યાગ્રહ, ગુજરાત દીપોત્સવી અંક, ૧૯૮૦, માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, પૃ. ૧૨૨.
(બ) ગાંધીજીનો અક્ષરદેહ - ૪૩, પૃ. ૨૯૨.

૧૨. શુક્લ, રામચંદ્ર દામોદર, ઉપર્યુક્ત ગ્રંથ, પૃ. ૧૬૦,૧૬૧.

૧૩. સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયાઓ, પૃ. ૨૬૯.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પીપાવાવ બંદર : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં એક અભ્યાસ*

પ્રા. પારુલ એ. સતાશિયા+

છેલ્લા કેટલાક સમયથી ભારતમાં ઉદારીકરણનો પવન ફૂંકાઈ રહ્યો છે. પરિણામે ઔદ્યોગિક ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પરિવર્તનો થઈ રહ્યા છે. દેશનાં વિવિધ રાજ્યોએ ઉદારીકરણની આ પ્રક્રિયાને વેગ આપ્યો છે. દેશના અન્ય રાજ્યોની તુલનાએ આપણું ગુજરાત રાજ્ય આ ક્ષેત્રે સૌથી મોટી છલાંગ લગાવી એક નવો જ કીર્તિમાન હાંસલ કરવાની દિશામાં આગળ વધી રહ્યું છે.[1]

ગુજરાતનું પીપાવાવ બંદર ત્રણ દરિયાઈ બેટ (૧) સવાઈબેટ (૨) ચાંચ બેટ અને (૩) શિયાળ બેટથી સંપૂર્ણપણે સુરક્ષિત છે.[2] જેથી અનેકવિધ કુદરતી સાનુકૂળતાઓ ધરાવે છે. આ બંદરને વિકસાવવા માટે દાયકાઓથી વિવિધ સ્તરે માંગણીઓ થઈ રહી હતી. દુર્ભાગ્યે કેન્દ્ર અને રાજ્ય સરકારનાં પૂરતા નાણા ભંડોળનાં અભાવે આ બંદરનો વિકાસ પાછો ઠેલાતો જતો હતો.

ભારતના પ્રવેશ દ્વાર સમા મુંબઈ અને આપણાં ગુજરાત રાજયનાં એક માત્ર મહાબંદર કંડલા વચ્ચે આવેલા પીપાવાવ બંદરને જો વિકસાવવામાં આવ્યું હોત તો પશ્ચિમ ભારતનું તે સૌથી મોટું બંદર બની ગયું હોત. આમ થયું હોત તો પીપાવાવ બંદરને પશ્ચિમ ભારતના પ્રવેશદ્વારનો દરજ્જો ક્યારનોય મળી ગયો હોત !!

ચિમનભાઈ પટેલ ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી હતા તે સમયે ખાનગી ક્ષેત્રે પીપાવાવ બંદરને વિકસાવવા મંજૂરી આપવામાં આવી. પીપાવાવ યોજના માટે ગુજરાત સરકારે ૧૭૫૦ એકર જમીન અને ૨૭ કિલોમીટરનો દરિયા કિનારો ફાળવ્યો.[3]

સૌરાષ્ટ્રના દક્ષિણ દરિયા કાંઠે આવેલું અમરેલી જિલ્લાનાં રાજુલા તાલુકામાં આવેલ પીપાવાવ બંદર હવે બારમાસી બંદર તરીકે આકાર ધારણ કરી રહ્યું છે. હાલમાં ઔદ્યોગિક વસાહતો માટે બંદર ઉપર આધારિત એવા ઉદ્યોગો સ્થાપવામાં ખૂબ જ ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. ગુજરાત રાજ્યમાં બંદર આધારિત એવા કરોડો રૂપિયાના ઉદ્યોગો આવી રહ્યા છે.

નેધરલેન્ડ સરકાર દ્વારા બંદરોના વિકાસ માટે સમજૂતીના કરાર અન્વયે નવી વ્યુહરચના અપનાવી વહાણવટા ઉદ્યોગને પુનઃ ધબકતો કરવાનો દૃઢ સંકલ્પ જાહેર કરાયો છે. પીપાવાવ બંદર સંયુક્ત સાહસનાં મહાબંદર બનવાની દિશામાં અગ્રેસર બની રહ્યું છે. આ યોજના માટે અત્યાર સુધીમાં લગભગ ૧૭૫ કરોડ ઉપરાંત રૂપિયાનું રોકાણ થયું છે. આવતા પાંચ વર્ષમાં ૬૦૦ કરોડ રૂપિયાનું કુલ મૂડી રોકાણ કરવાનું આયોજન વિચારાયું છે.

આમ પીપાવાવ બંદર હવે રોજગાર અને ઉદ્યમનું તીર્થધામ બને છે. અહિંથી સૌરાષ્ટ્રની વિકાસયાત્રાનો એક નવો જ અધ્યાય શરૂ થયો છે. ત્યારે આ બંદરનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કરવા છે અગત્યનો બની રહે છે.

## પીપાવાવ બંદર ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં

સમગ્ર ગુજરાતનો લગભગ ૧૬૦૦ કિલોમીટર જેટલો વિશાળ સાગરકાંઠો એ સમગ્ર ભારતમાં ગુજરાતને મળેલ મહામૂલી ઈશ્વરીય દેણ છે. આ સાગર કાંઠાએ ગુજરાતનું વહાણવટું પરંપરા સ્વરૂપે વિકસ્યું છે.[4] એમાંય કાઠિયાવાડ - સૌરાષ્ટ્રની સાગર કીર્તિઓ તો અતિ પ્રાચીન છે. છેક વૈદિક અને પુરાણ કાળથી પશ્ચિમ હિંદનાં સાગર કાંઠાનું મહત્ત્વ અને તેનું સ્વાતંત્ર્ય કાયમને માટે જળવાઈ રહ્યું છે. ઐતિહાસિક કાળની વાત કરીએ તો વલભી, ચાલુક્ય,

★ તા. ૨૮-૨૯ માર્ચ, ૧૯૯૮ દરમિયાન 'સૌરાષ્ટ્ર-કચ્છ ઇતિહાસ પરિષદ'ના જૂનાગઢ ખાતે યોજાયેલ ૧૧મા જ્ઞાન સત્રમાં રજૂ કરવામાં આવેલ સંશોધન લેખ.

+ વ્યાખ્યાતા, ઇતિહાસ વિભાગ, સાકરિયા મહિલા કૉલેજ, બોટાદ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સોલંકી, વાઘેલા, મુસલમાન અને ત્યારબાદ કંપની અને બ્રિટિશ શાસનકાળમાં પણ આ કિનારા પર આવેલા બંદરો નૌકાસૈન્ય અને દેશ-દેશાવરનાં વ્યાપારી મથકો હતાં.[૫] જે પુરાણો ભાગવતકાળના સાહિત્ય, ટોલેમી, કોસમોસ અને પેરિપ્લસ તેમજ મિરાત-એ-સિકંદરી અને મિરાત-એ-અહમદીનાં ઉલ્લેખો તથા વર્ણનો પરથી સ્પષ્ટ થાય છે. અંગ્રેજોના કાઠિયાવાડ આગમન સુધી અહીંનો બંદરી વ્યાપાર ખૂબ જ સમૃદ્ધ હતો.

૧૯ મી સદીના બીજા દાયકામાં, ઈ.સ. ૧૮૧૮ માં મુંબઈનાં બંદરની ખીલવણી શરૂ થઈ અને તેના વિકાસ માટે અખત્યાર કરવામાં આવેલ નીતિ-રીતિઓને લીધે આ સ્વદેશી હુન્નરની અવનતિના બીજ વવાયા. મુંબઈનાં સમૃદ્ધિ યજ્ઞમાં બલી તરીકે ભાવનગર સહિતનાં કાઠિયાવાડના સઘળા બંદરોને હોમી દેવામાં આવ્યા.[૬]

ભાવનગર રાજ્યને કુદરતે વિશાળ દરિયાકાંઠો બક્ષ્યો છે. જે લગભગ ૧૨૦ કિલોમીટર વિસ્તારમાં પથરાયેલ છે.[૭] જે ઘણી જગ્યાએ નાની - મોટી ખાડીઓ (creeks) માં વહેંચાયેલો છે. જેમકે ભાલમાં આવેલ સોનરાઈની ખાડી, ભાવનગર શહેરની પાસે આવેલ ભાવનગરની ખાડી, તળાજા પાસે આવેલ સુલતાનપુરની ખાડી આ ત્રણ ખાડીઓ ખંભાતના અખાતમાં છે. જ્યારે મહુવા પાસે આવેલ કતપુરની ખાડી, પીપાવાવ કે પોર્ટ આલ્બર્ટ વિકટર પાસે આવેલ ચાંચની ખાડી - આ બે ખાડીઓ અરબી સમુદ્રમાં છે. ભાવનગર રાજ્યમાં (૧) ભાવનગર (૨) મહુવા (૩) તળાજા (૪) પીપાવાવ કે પોર્ટ આલ્બર્ટ વિકટર (૫) કથીવદર (૬)સુંદરાઈ અને (૭) સુલતાનપુર વગેરે બંદરો આવેલા છે. જેમાં એક સમયે ભાવનગર બંદરનો માલ સમગ્ર કાઠિયાવાડામાં તેમજ ગુજરાતમાં અને મુંબઈ જેવા બંદરોએ પુષ્કળ પ્રમાણમાં જતો હતો.

આઝાદી પૂર્વેના જૂના ભાવનગર રાજ્યનાં મહુવા પરગણામાં આવેલ પીપાવાવ બંદર ૨૦ ડીગ્રી ૫૮ અંશ ઉત્તર અક્ષાંશ તથા ૭૧ ડીગ્રી ૩૩ પૂર્વ રેખાંશ પર આવેલું છે. સંત કબીરના સમકાલીન એવા સૌરાષ્ટ્રના મહાન સંત પીપાભગત ગુજરાત બહારથી આવેલા નાના રજવાડાના એક રાજવી હતા. આ પીપાજું મહારાજનો જન્મ ઈ.સ. ૧૩૯૦ માં રાજસ્થાનના બાડમેર જિલ્લાના ગઢ માંગરોળ ખાતે થયો હતો. માહયલો ભક્તિથી રંગાઈ ગયેલ. જગદ્દગુરુ રામાનંદાચાર્યના એ શિષ્ય હતા. પીપાજીએ એમના ૭ મા પત્ની સીતાદેવી સાથે મળીને દીક્ષા લીધી હતી.

પીપા પાપ ન કીજીએ સો પુન્ય બરાબર હોઈ[૯]

પીપાભગતની આ પંક્તિઓ આજે ૬૦૦ વર્ષ પછી પણ લોકજીએ રમતી રહી છે. પીપાજી આ સ્થળે તેમના પત્ની સીતાદેવી સાથે આવીને રહ્યા. પીપા ભગતના નામ પરથી ઇતિહાસના પાને નોંધાયેલ પીપાવાવ આજે અમરેલી જિલ્લામાં છે. પણ આઝાદી પૂર્વે તે જૂના ભાવનગર રાજ્યમાં હતું. દરિયાના ખુલ્લા કિનારા ઉપર અગ્રભાગે આવેલું 'ચાંચ' નામનું ગામ છે. એ દરિયામાંથી જે ખાડી નીકળે છે તેને 'ચાંચ બંદરની ખાડી' અથવા 'મોટો પાટ' કહેવામાં આવે છે. ઘણાં વર્ષો સુધી રાજુલાનાં વેપારીઓ એ બંદરે વેપાર કરતાં હતાં. પરંતુ એમની સ્થિતિ નબળી હોવાથી એ બંદર સમૃદ્ધ ન હતું.[૧૦]

ઈ.સ. ૧૮૪૨-૪૩ ની સાલમાં જાફરાબાદ રાજ્યનાં શાસક સીદીએ પીપાવાવ બંદર બંધ થાય તેવા પ્રયાસો કર્યા અને ભાવનગર રાજ્ય સાથે તકરાર ઊભી કરી, પરંતુ પોલિટીકલ એજન્ટ કર્નલ લેંગે ઈ.સ. ૧૮૫૭-૫૮ માં પોતાના મદદનીશ મેજર શોર્ટને આ તકરારની તપાસ સોંપી અને આખરે ઈ.સ. ૧૮૫૮ માં ભાવનગર રાજ્યની તરફેણમાં તેનો નિકાલ આવ્યો.

ઈ.સ. ૧૮૫૩-૫૪ ની સાલમાં જુનાગઢ રાજ્ય સાથે પણ પીપાવાવ બંદર અંગે તકરાર ઊભી થઈ. સાક્ષી-પુરાવાઓને આધારે ભાવનગરનાં દીવાન ગંગા ઓઝાએ જુનાગઢ રાજ્યની તકરારનું ગેરવ્યાજબીપણું મદદનીશ પોલિટીકલ એજન્ટ મેજર શોર્ટ સાહેબને સિદ્ધ કરી આપ્યું. આથી પીપાવાવનું બંદર ભાવનગર રાજ્યની સત્તામાં કાયમ રહ્યું.[૧૧]

ભાવનગર રાજ્યના દાવાનો નિકાલ કરવા માટે બ્રિટીશ સરકારે ભરુચના કલેકટર શ્રી સી.જે. કેવિસને નિમ્યા હતા. તેઓએ જ્યારે આ પીપાવાવ બંદરની મોટા પાટની ખાડી જોઈ ત્યારે તેમણે પોતાનો અભિપ્રાય આપતા જણાવ્યું



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતું કે "આ મોટાપાટની ચાંચની ખાડી ઘણી જ વખાણવા લાયક છે. તેમાં મોટી આગબોટો પણ આવી શકે તેમ છે. તેથી આ જગ્યા સુધી રેલ્વે કરવામાં આવે તો મધ્ય હિંદુસ્તાન સુધીનો વેપાર પીપાવાવ બંદરે આવી શકે. એટલું જ નહીં પણ આગબોટો પરભારી વિલાયત જઈ શકે એવી સગવડવાળું આ બંદર છે. તેથી ખોટાપાટની ખાડી ઉપર તમારે જરૂર નવું શહેર આબાદ કરી વેપારની વૃદ્ધિ થાય એમ કરવું જોઈએ."

આ પીપાવાવ બંદર ભાવનગરથી ૧૩૦ કિલોમીટર, મહુવાથી ૪૫ કિલોમીટર અને જાફરાબાદથી ૧૯ કિલોમીટરનાં અંતરે આવેલું છે. આ બંદરની કુદરતી રચના અદ્‌ભુત છે. મોટાપાટની ખાડી ઉપર આવેલ બંદર છ પોઈન્ટ ચાર કિલોમીટરથી આઠ કિલોમીટર લાંબી અને એક કિલોમીટર પહોળી ચાંચની ભુશિરથી[12] રક્ષિત છે. અંહીં સમુદ્રમાં આવેલ ચાંચ, શિયાળ બેટ અને સવાઈ ટાપુને કારણે આ બંદરનું બારૂ દરિયાઈ ઝંઝાવતો સામે સુરક્ષિત રહે છે. અહીં ખુલ્લા સમુદ્રમાં કાયમ ઓટના સમયે પણ પાણી ઊંડું રહે છે.

જૂના ભાવનગર રાજ્યે અન્ય બંદરોની સાથે પીપાવાવ બંદરના વિકાસની યોજના કરી હતી. આ પીપાવાવ બંદર ભાવનગર રાજયનાં બાહોશ ઈજનેર પ્રોકટર સિમ્સે બાંધ્યુ હતું. તે સમયનાં દીવાન શ્રી ગંગા ઓઝાએ આ બંદરના વિકાસ અને પ્રગતિ માટે વહીવટદાર, ન્યાયાધીશ, ફોજદાર, થાણેદાર વગેરેની કચેરીઓ માટે 'રાજગઢ' નામનું ભવ્ય મકાન, ધર્મશાળા, પાણીની ટાંકી, દવાખાનું, એક વર્કશોપ, સડક, રેલ્વે, પોસ્ટ ઓફિસ, તાર ઓફિસ, મોદીખાનાની સગવડતા વગેરેની સુવિધાઓ ઊભી કરી મહત્ત્વપૂર્ણ પગલા ભર્યા હતાં.

ઈ.સ. ૧૮૯૦ ના માર્ચ મહિનામાં નામદાર કૈસરે હિંદ મહારાણી સાહેબના પૌત્ર શાહનીદા નામદાર પ્રિન્સ આલ્બર્ટ વિકટર ભાવનગર પધાર્યા તે વખતે તેમના વરદહસ્તે આ બંદરને ઉઘાડવાની વિધિ મોટા સમારંભ વચ્ચે થઈ હતી. અને તેનું નામ 'વિકટર બંદર' રાખવામાં આવ્યું.[13] પોર્ટ આલ્બર્ટ વિકટર બંદરેથી ૧૯ મી સદીની છેલ્લી ત્રીશીમાં માલની આમદાની અને રવાનગીના આંકડા નીચેના કોઠા પરથી જોઈ શકાય છે.[14]

| ક્રમ | સાલ ઈ.સ. | માલની આમદાનીના રૂપિયા | માલની રવાનગીના રૂપિયા |
|---|---|---|---|
| ૧. | ૧૮૭૦-૭૧ | ૭૧,૨૦૦ | ૬,૦૦૦ |
| ૨. | ૧૮૭૧-૭૨ | ૭૫,૫૦૦ | ૮૦૦ |
| ૩. | ૧૮૭૩-૭૪ | ૩૨,૬૦૦ | ૧૬,૭૫૦ |
| ૪. | ૧૮૭૬-૭૭ | ૩૬,૪૦૦ | ૨,૭૦૦ |
| ૫. | ૧૮૭૭-૭૮ | ૬૭,૭૯૨ | ૬૪૮ |
| ૬. | ૧૮૭૮-૭૯ | ૧,૧૫,૩૬૭ | ૪૩,૪૭૭ |
| ૭. | ૧૮૭૯-૮૦ | ૭૬,૩૬૫ | ૧,૭૯,૧૮૦ |
| ૮. | ૧૮૮૧-૮૨ | ૧,૦૬,૧૬૮ | ૧,૬૮,૨૯૯ |
| ૯. | ૧૮૮૫-૮૫ | ૧,૩૪,૫૨૯ | ૧,૦૬,૮૦૦ |
| ૧૦. | ૧૮૮૭-૮૮ | ૧,૪૪,૫૨૦ | ૧,૩૫,૮૦૦ |
| ૧૧. | ૧૮૮૮-૮૯ | ૨,૫૦,૯૫૫ | ૧,૧૫,૦૭૫ |
| ૧૨. | ૧૮૯૨-૯૩ | ૨,૧૦,૧૫૦ | ૨,૭૯,૪૨૫ |
| ૧૩. | ૧૮૯૬-૯૭ | ૨,૨૬,૯૨૫ | ૧,૫૭,૬૨૫ |
| ૧૪. | ૧૮૯૯-૧૯૦૦ | ૨,૦૯,૮૭૫ | ૨,૧૩,૯૫૦ |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નિષ્કર્ષ

સાનુકૂળ વ્યૂહાત્મક બંદરોથી સંપન્ન ગુજરાત રાજ્ય ભારતના દરિયા કિનારાનો ૧/૩ ભાગ એટલે કે ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયા કાંઠો ધરાવે છે.[૧૫] આ કાંઠા પર ૪૧ બંદરો છે. જે પૈકી કંડલા મોટું બંદર છે. બાકીના ૪૦ બંદરો પૈકી ૧૧ બંદરો મધ્યમ કક્ષાના અને ૨૯ નાના બંદરો છે. ગુજરાત કરતા સૌરાષ્ટ્રમાં વધારે બંદરો આવેલા છે. જેનું પ્રદાન પણ વિશિષ્ટ રહ્યું છે. આ બંદરોના વિકાસ માટે જે થયું છે તેના કરતાં ઘણું વધુ કરવાનું બાકી રહે છે. ગુજરાતનો મોટા ભાગનો ઔદ્યોગિક વિકાસ અમદાવાદથી વાપી સુધીના વિસ્તારમાં જ થયો છે. સૌરાષ્ટ્ર અને કચ્છને આ વિકાસનો લાભ મળ્યો નથી. જે સૌરાષ્ટ્ર દેશના સિમેન્ટ ઉત્પાદનમાં, બ્રાસ પાર્ટ અને મત્સ્ય ઉદ્યોગમાં તેમજ મીઠા ઉદ્યોગમાં સમગ્ર રાષ્ટ્રમાં મોખરાનું સ્થાન ધરાવતું હોય તે સૌરાષ્ટ્રના બંદરોનો જો દરિયાઈ રસ્તે વહન કરવા ઉપયોગ શરૂ કરવામાં આવે તો સૌરાષ્ટ્રના વિકાસની નવી જ ક્ષિતિજ ઉઘડશે.[૧૬]

ટૂંકમાં, પીપા ભગતનું પીપાવાવ બંદર સારાએ પશ્ચિમ ભારતનું સૌથી મોટું મહાબંદર બની શકે તેમ હોવા છતાં આઝાદી પછીનાં આટલાં બધા વર્ષો સુધી તે સંપૂર્ણપણે ઉપેક્ષિત રહ્યું. ગુજરાત રાજયનાં ગૌરવરૂપ 'ઓલ વેધર પોર્ટ' એવું પીપાવાવ બંદર સમૃદ્ધ ગુજરાતનું એક પ્રતીક બની શકે તેમ છે. એક જમાનામાં જેમ સુરત, ભરુચ, ખંભાત અને ઘોઘા બંદરની જાહોજલાલી હતી તેના કરતા પણ વધુ ચમક-દમક પીપાવાવ બંદરને કારણે આવી શકે તેમ છે.

અલબત્ત, તાજેતરમાં જ પીપાવાવ ખાતે જે નવી વિશાળકાય જેટી બની તે ખરેખર આનંદની વાત છે. આમ રાજુલા પાસેના પીપાવાવ બંદરનો વિકાસ જે ઝડપે થઈ રહ્યો છે. તે નજીકનાં ભવિષ્યમાં આ વિસ્તારમાં પ્રતિષ્ઠિત ઉદ્યોગગૃહો પોતાના ઉદ્યોગો સ્થાપવા નજર દોડાવશે, તે સ્વાભાવિક છે. ગુજરાત સરકારે જો સાચા અર્થમાં સૌરાષ્ટ્રનો વિકાસ કરવો હોય તો તેણે સૌ પ્રથમ પીપાવાવ બંદરનાં વિકાસનું કામ હાથ ધરવું રહ્યું.

### પાદટીપ

૧. બોસમીયા, વિનોદરાય, 'ગુજરાત પીપાવાવ પોર્ટ લિ. એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ', 'પગદંડી' દૈનિક, તા. ૨૬ એપ્રિલ, ૧૯૯૭
૨. ગુજરાત સમાચાર : 'પીપાવાવ સંયુક્ત સાહસમાં મહાબંદર બનવાની દિશામાં આગેકુચ, તા. ૫ એપ્રિલ ૧૯૯૭
૩ પંડ્યા વિનોદ : 'અભિયાન', તા. ૧૪ એપ્રિલ, ૧૯૯૭
૪. પરમાર, ખોડીદાસ, 'ગુજરાત વહાણવટાની પરંપરા' : 'સૌરાષ્ટ્ર સમાચાર' દૈનિક, તા. ૫ એપ્રિલ ૧૯૮૦
૫. મહેતા, જયંતિલાલ મોરારજી, 'દેશી રાજ્યોનો દરિયા કિનારો' પૃ.૧
૬. દેશી રાજ્ય, સપ્ટેમ્બર, ૧૯૩૫, પૃ. ૨૭૩-૨૭૪
૭. ગુજરાત રાજ્ય, જિલ્લા સર્વસંગ્રહ, ભાવનગર જિલ્લો, પૃ. ૯
૮. કોરાટ, (ડૉ.) પી.જી.,જાની (ડૉ.) એસ.વી. અને ભાલ (ડૉ.) જે. ડી. (સંપાદન) ભાવનગર રાજ્યોનો ઇતિહાસ પૃ. ૮
૯. દુધરેજીયા, નાનુરામ : સૌરાષ્ટ્ર સમાચાર, સપ્તરંગ પૂર્તિ, તા. ૧૧ મે, ૧૯૯૭ .
૧૦. મહેતા, કૌશિકરામ વિઘ્નરરામ, ગૌરીશંકર ઉદયશંકર ઓઝા, મુંબઈ ૧૯૦૩ પૃ. ૨૧૩
૧૧. એજન, પૃ. ૨૧૪
૧૨. જમીનનો છરી જેવો અણીદાર હિસ્સો જે સમુદ્રમાં જતો હોય તો તે ભુસિર કહેવાય છે.
૧૩. મહેતા, કૌશિકરામ વિઘ્નહરરામ, પૂર્વોક્તગ્રંથ, પૃ. ૨૧૬
૧૪. એજન.
૧૫. રાવ, જયપ્રકાશ : લોકસત્તા - જનસત્તા (રાજકોટ), તા. ૫ એપ્રિલ, ૧૯૯૭
૧૬. બ્લોચ, એમ. કે, લોકસત્તા- જનસત્તા (રાજકોટ), તા. ૫ એપ્રિલ, ૧૯૯૭.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઐતિહાસિક દૃષ્ટિએ બોરસદ, પેટલાદ અને માતર તાલુકાનાં સ્થળનામો

પ્રા. માલાભાઈ મે. પરમાર*

સ્થળનામો એ વિવિધ સ્થળો જેવા કે ગામો, નગરો, પર્વતો, નદીઓ, સરોવરોને ઓળખવા માટેની ભાષાકીય પ્રવૃત્તિ છે. સ્થળનામોનો અભ્યાસ એક તરફ ભાષાકીય પ્રવૃત્તિની પ્રક્રિયાની સમજ આપે છે. તો બીજી બાજુ જે તે સ્થળની સ્પષ્ટ ઓળખ આપે છે. અર્થાત્ એક સમયની બીજા સ્થળથી ભિન્નતા દર્શાવે છે. તમામ સમાજમાં વ્યવસ્થિત વ્યવહાર ચલાવવા માટે જુદાં જુદાં સ્થળોને ઓળખવાની ખૂબ જરુર પડે છે. આ જરૂરિયાત સંતોષવા દરેક સમાજની પ્રવૃત્તિ અને જ્ઞાન મર્યાદામાં આવતા સંખ્યાબંધ સ્થળોની ઓળખ માટે કોઈને કોઈ નામ આપવામાં આવે છે. આવા નામને આપણે 'સ્થળનામ' તરીકે ઓળખીએ છીએ.

સ્થળનામોના અધ્યયનથી તાલુકાઓની ભૌગોલિક પરિસ્થિતિ, વનસ્પતિની માહિતી, જાતિઓ, વ્યક્તિસૂચકનામો વગેરેની માહિતી મળે છે. તેથી તાલુકાઓની પુરાવસ્તુ અને બીજી સામગ્રીથી તેના ઇતિહાસની પરિસ્થિતિ વધુ સારી રીતે સમજાય છે.

અહીં માત્ર બોરસદ, પેટલાદ અને માતર તાલુકાના સ્થળનામોની ચર્ચા કરી છે. ખેડા જિલ્લાના બોરસદ, પેટલાદ અને માતર તાલુકાના 'નકશામાં ગુજરાત' ગ્રંથમાં આપેલી યાદી મુજબ કુલ ૨૬૪ ગામો નોંધવામાં આવ્યા છે. આ તમામ ગામોનાં નામોનો અર્થ શો થાય છે ? તેનો અર્થ કયા પરિબળો પર આધાર રાખે છે. તે તપાસીને તેની મદદથી તાલુકાનાં સ્થળનામો સમજવાનો પ્રયત્ન કર્યો છે.

**તાલુકાઓના સ્થળનામોનાં પરિબળો :**

બોરસદ, પેટલાદ અને માતર તાલુકાનાં નામકરણમાં જોઈએ તો બોરસદ એ વ્યક્તિ સૂચક નામ છે. બદરસિદ્ધિ નામની વ્યક્તિએ વસાવેલું ગામ છે. બંદરસિદ્ધિનું અપભ્રંશ થઈને બોરસદ થયું છે. આમ બોરસદ નામનો અર્થ સૂચવાય છે.

પેટલાદના નામકરણમાં જોઈએ તો પેટલાદ એ વનસ્પતિ સૂચક નામ છે પટલા એ નામનું વૃક્ષ એટલે કે પેટલા નામના વૃક્ષ નજીક વસેલું ગામ એટલે પેટલાદ.

એવી જ રીતે માતરના નામકરણમાં જોઈએ તો માતર=માતબર જગ્યા, સમૃદ્ધ પ્રદેશ, આબાદ પ્રદેશ માતબરનું અપભ્રંશ થઈને માતર થયેલું છે. બોરસદ, પેટલાદ અને માતર તાલુકાનાં ગામોનાં નામો જે પરિબળો ને આધારે પડેલા છે. તેની માહિતી આ મુજબ છે.

**વનસ્પતિ સૂચકનામ :**

બોરસદ, પેટલાદ અને માતર તાલુકાનાં ગામોના નામોનું અધ્યયન કરતાં જણાય છે કે, અહીં ઉગતી અનેક પ્રકારની વનસ્પતિ પૈકી કેટલીક વનસ્પતિએ ગામોનાં નામો પાડવામાં ફાળો આપ્યો છે. આવા ગામોમાં આસોદર, કસારી, પીપળાવ, ડભોઉ, કુંજરા, પીપરીયા, વડાલા, લીંબાસી જેવા ગામો ગણવાય. આ ગામોમાં આસોદર એટલે આસોદરી નામના વૃક્ષ નજીક વસેલું ગામ, કસારી એટલે કસારી નામની વનસ્પતિ નજીક વસેલું ગામ. પીપળાવ એટલે પીપળાનાં વૃક્ષ નજીક વસેલું ગામ. ડભાઉ=ડાભડા નામની વનસ્પતિ નજીક વસેલું ગામ કુંજરા = આંબળાનું વૃક્ષ, આંબળાવૃક્ષ નજીક વસેલું ગામ. પીપરીયા એટલે પીપળાનાં વૃક્ષ નજીક વસેલું ગામ. વડાલા એટલે વડના વૃક્ષ નજીક વસેલું ગામ લીંબાસી એટલે લીમડાના વૃક્ષ નજીક વસેલું ગામ.

* ઇતિહાસ - સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ તમામ માહિતી પરથી સમજાય છે કે અહીં ગામોના નામો પાડવામાં મોટા વૃક્ષ તથા જમીન પર ઉગતી નાની વનસ્પતિએ પણ પોતાનો ફાળો નોંધાવ્યો છે. તેથી આ ગામોનો વસવાટ થયો ત્યારે આ વનસ્પતિ ઝાડી આચ્છાદિત પ્રદેશ હશે તેવું તેનાં ગામોના નામકરણથી કહી શકાય છે.

**વ્યક્તિસૂચક નામ :**

વનસ્પતિ સૂચક નામો ઉપરાંત કેટલાક સ્થળનામો વ્યક્તિઓએ વસાવેલ ગામો હોય એવું સૂચન કરે છે. આવા નામોમાં અમિયાદ, ધનાવસી, ખાનપુર, દાવલપુરા, ભુરાકુઇ, રામોલ, માનપુરા, ગોવિંદપુરા, માલાવાડા,પુનાજ, મહેમદાબાદ જેવા નામો ગણાવાય. અમિયાદ અમિયચંદ નામની વ્યક્તિ એ વસાવેલું ગામ. ધનાવસી =ધનાભાઈ નામની વ્યક્તિએ વસાવેલું ગામ. ખાનપુર =ખાનભાઈ નામની વ્યક્તિએ વસાવેલું ગામ. દાવલપુરા - દાવલ નામની વ્યક્તિએ વસાવેલું ગામ. ભુરાકુઈ =ભુરાભાઈ નામની વ્યક્તિએ વસાવેલું ગામ. માનપુર - માનબાઇ નામની વ્યક્તિએ વસાવેલું ગામ. માલાવાડા=માલાભાઈ નામની વ્યક્તિ એ વસાવેલું ગામ. પુનાજ =પુનાભાઈ નામની વ્યક્તિએ વસાવેલું ગામ. મહેમદાબાદ મહેમુદ નામની વ્યક્તિએ વસાવેલું ગામ વગેરે.

આ નામોનો અભ્યાસ કરતા તેમાં હિન્દુ અને મુસ્લમાન વ્યક્તિઓએ વસાવેલા ગામો હોવાનું સમજાય છે. આ નામોમાં પૂર્વપદ વ્યક્તિઓના નામ આપે છે. જ્યારે ઉત્તરપદ આ ગામની મહત્તા દર્શાવે છે ઉત્તરપદ માં પુર,પુરા,વાડા,ઓલ જેવા શબ્દો છે. જે નાનો વસવાટ સૂચવે છે. આ પદાન્તવાળા પરા તરીકે વિકસેલા ગામો દર્શાવે છે. અને આ પ્રદેશની વિકસતી માનવ વસાહતો દર્શાવે છે.

**જાતિસૂચક નામ :**

કેટલાંક ગામો માત્ર જાતિ અથવા ન્યાતના સૂચક છે. આવા પ્રકારના ગામોમાં ચમારા, ધોબીકુઇ, શાહપુર, નાયકા, શેખપુર, બામણગામ, સીંજીવાડા જેવા નામો ગણાવાય. ચમારા ગામના નામકરણમાં ચમાર નામની જાતિએ વસાવેલુ ગામ ધોબીકુઈ ગામના નામકરણમાં ધોબી નામની જાતિએ જળાશય પાસે વસાવેલું ગામ. શાહપુર ગામના નામકરણમાં આ ગામ શાહ અટક ધરાવતી વણિક જાતિએ વસાવેલું હોય તેવું તેનાં નામકરણથી સમજાય છે. નાયકા ગામના નામકરણમાં આ ગામ નાયક જાતિએ વસાવેલું ગામ હોય એવું તેના નામકરણથી સમજાય છે. શેખપુરના નામકરણમાં આ ગામ શેખ નામની જાતિએ વસાવેલું ગામ હોય તેવું તેના નામકરણથી સમજાય છે. બામણગામ એ બ્રાહ્મણ જાતિએ વસાવેલું હોય તેવું તેના નામકરણથી સમજાય છે. સીંજીવાડા ગામના નામકરણમાં જોઈએ તો સીંગીનું અપભ્રંશ થઈને સીંજી થયેલું છે. એટલે કે સીંગી =શીંગડાવાળા પશુઓ, વાડા=એ નાના વસવાટ સૂચક શબ્દ છે. એટલે કે સીંજી વાડા ગામ. પશુપાલકો એ વસાવેલું હોય તેવું તેનાં નામકરણથી સમજાય છે.

**વસવાટસૂચક નામ**

માણસો એ આ પ્રદેશમાં વસવાની શરૂઆત કરી ત્યારે માત્ર વસવાટ સૂચક નામો પણ આપ્યા લાગે છે. આ નામોમાં આસરવા, રૂપિયાપુરા, વાસણા, માતર, જેવા ગામો ગણાવાય. આસરવાના નામકરણમાં જોઈએ તો આશર=આશરો, વા=એ નાના વસવાટ સૂચક નામ છે. એટલે કે આસરવા એ કોઈકના આશ્રયરૂપે વસેલું ગામ છે. રૂપિયાપુરા ગામના નામકરણમાં જોઈએ તો રૂપિયા=નાણાં, પૂરા એ નાના વસવાટ સૂચક શબ્દ છે એટલે કે રૂપિયાપુરા=રૂપિયા આપીને જે ગામનો વસવાટ થયો છે તેવુ ગામ વાસણા ગામના નામકરણમાં વાસ=એ રહેઠાણ સૂચક શબ્દ છે. એટલે વાસણાએ યોગ્ય જગ્યા રહેઠાણવાસી જગ્યાએ વસેલું ગામ તેવું તેના નામકરણથી સમજાય છે. માતર એ વસવાટ સૂચક નામ છે. જે આગળ જોઈ ગયા.

**ભૂરચનાસૂચક નામ :**

વસવાટ સૂચક નામો ઉપરાંત કેટલાંક ગામો તેનાં વસિયાણ વખતની વિશિષ્ટ ભૂરચના દર્શાવતા હોય છે. આવા ગામોનાં નામો પૈકી કાંધરોટી, મધરોલ, શેખડી, ઉંટાઈ, ઉઢેલા, ખાંધલી, ખરેટી, જેવા નામો ગણાવાય. કાંધરોટી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલે ટેકરા પર વસેલુ ગામ કાંધ - ટેકરો, એવો તેનો અર્થ થાય છે. મધરોલ ગામનાં નામકરણમાં મધર અને ઓલનો સમાસ છે. મધર ટેકરો ઓલ એ નાના વસવાટ સૂચક શબ્દ છે. એટલે કે મધરોલ એ ટેકરા પર વસેલું ગામ છે, તેવું તેના નામકરણથી સમજાય છે. શેખડી સુકી કે તિરાડવાળી જમીન એટલે કે શેખડીએ સુકી કે તિરાડવાળી જમીન પર વસેલું ગામ છે, તેવું તેના નામકરણથી સમજાય છે. ઉંટાઇ ગામના નામકરણાં ઊંટ=ઊંચાઈવાળી જમીન જે ગામ ઊંચાઈવાળી જમીન પર વસેલુ છે તેવું ગામ, તેવું તેના નામકરણથી સમજાય છે. ઉઢેલા ગામના નામકરણમાં ઉઢ = ઊંચાઈવાળી જગ્યા, જે ગામ ઊચાઇવાળી જમીન પર વસેલું છે, તેવું ગામ. ખાંધલી ગામના નામકરણમાં ખાંધ=ટેકરો, જે ગામ ટેકરા પર વસેલું છે. તેવું ગામ ખરેટી ગામના નામકરણમાં ખરેટી =સુકી અને ફાટી ગયેલી જમીન, જે ગામ સુકી અને ફાટી ગયેલી જમીન પર વસેલું છે તેવું ગામ, તેવું તેના નામકરણથી સમજાય છે.

**સામાજિક પ્રવૃત્તિસૂચક નામ :**

તાલુકાનાં સ્થળનામોનો અભ્યાસ કરતાં જણાય છે કે માણસો જ્યાં પ્રવૃત્તિ કરતા, ચીજવસ્તુઓનો સંગ્રહ કરતા ત્યાં પણ તેમણે વસવાટ કર્યો છે. આવા પ્રવૃત્તિસૂચક સ્થળનામોમાં કલોલી ગામ ગણાવાય. કલોલા=ઘાસભેગું કરવાની જગ્યા. આમ કલોલી એટલે ઘાસના સંગ્રહ કરવાની જગ્યા પર વસેલું ગામ, તેવું તેના નામકરણથી સમજાય છે.

**ઇતિહાસસૂચક નામ :**

તાલુકામાં ઇતિહાસ સૂચક સ્થળનામો પણ છે, જેવા કે જંત્રાલ, નામણ વગેરે આ ગામોનાં નામકરણમાં જોઈએ તો'જંત્રાલ નામમાં જંત્ર=જગનાથ મહાદેવ (જગનાથનું અપભ્રંશ થઈને જંત્રાલ થયુ છે.) જાગનાથ મહાદેવના નામ પરથી વસેલું ગામ. નામણ ગામના નામકરણમાં નામણ=પવિત્ર જગ્યા. જે પવિત્ર જગ્યા છે. તેવી જગ્યાએ વસેલું ગામ. આ ગામો ઇતિહાસ સૂચક છે. તેવું તેનાં નામકરણથી સમજાય છે.

**કદસૂચક નામ :**

તાલુકાનાં સ્થળનામોમાં કદસૂચક નામો પણ લોકોએ આપ્યા છે. જેવાં કે ઉનેલી ચુવા, કણિયા, મહેલાવ, દેથલી, મહેલજ, જેવા ગામો ગણાવાય. ઉનેલી ગામનાં નામકરણમાં ઉન=નાનું એટલે કે થોડા વિસ્તારમાં જે ગામનો વસવાટ થયો છે, તેવું ગામ. ચુવા ગામનાં નામકરણમાં ચુવા=નાનું જે ગામનો વસવાટ થોડા વિસ્તારમાં થયો છે, તેવું ગામ. કણિયા ગામનાં નામકરણમાં કણ=નાનું, ઇયા=એ નાના વસવાટ સૂચક શબ્દ છે. જે ગામનો થોડા વિસ્તારમાં વસેલું છે, તેવું ગામ તેવું તેના નામકરણથી સમજાય છે. મહેલાવ ગામના નામકરણમાં મહેલ =મોટું જે ગામનો વસવાટ મોટા વિસ્તારમાં થયેલો છે, તેવું ગામ. દેથલી ગામના નામકરણમાં દેથલી=નાનું એટલે કે જે ગામનો વસવાટ થોડાં વિસ્તારમાં થયેલો છે, તેવું ગામ. તેવું તેના નામકરણથી સમજાય છે.

**સમયસૂચક નામ :**

તાલુકામાં સમયસૂચક સ્થળ નામો પણ છે. આવાં સ્થળનામોમાં નવાગામ ગણાવી શકાય. નવા ગામનાં નામકરણમાં જે ગામનો વસવાટ નવો જ થયો છે, તેવું ગામ. તેવું તેના નામકરણથી સમજાય છે.

**સ્થાનસૂચક નામ :**

તાલુકાના કેટલાંક સ્થળનામો સ્થાનસૂચક છે.જેવાં કે જોગણ, ભડકદ જેવા ગામો ગણાવાય. જોગણ=યોગ્ય સ્થાન, એટલે જે ગામનો વસવાટ યોગ્ય સ્થળે થયેલો છે તેવું ગામ, તેવું તેનાં નામકરણથી સમજાય છે. ભડકદ ગામનાં નામકરણમાં ભડકદ=મોટું પ્રવેશદ્વાર એટલે કે સર્વદિશાએથી લોકો આવી શકે તેવી જગ્યાએ વસેલું ગામ, તેવું તેનાં નામકરણથી સમજાય છે.

**પ્રકૃતિસૂચક નામ :**

તાલુકામાં પ્રકૃતિસૂચક સ્થળનામો પણ છે. આવાં સ્થળનામોમાં બાંધણીગામ ગણાવાય. બાંધણી=જે ગામનો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વસવાટ સુંદર રીતે થયો છે, તેવું ગામ, તેવું તેના નામકરણથી સમજાય છે.

**વ્યવસાયસૂચક નામ :**

તાલુકામાં વ્યવસાય સૂચક સ્થળનામો પણ છે. જેમા રઘવાણજ ગામ ગણાવાય. રઘવાણજ ગામનાં નામકરણમાં જોઈએ તો રઘવાણજ =વેપારીમાર્ગ, એટલે આ ગામ વેપારી વર્ગે વસાવેલું હોય, તેવું તેના નામકરણથી સમજાય છે.

**અસ્પષ્ટનામ :**

તાલુકાનાં સ્થળનામોનો અભ્યાસ કરતાં જણાય છે કે અમુક ગામોનો અર્થ સ્પષ્ટ કરવો મુશ્કેલ છે. આવા અસ્પષ્ટ સ્થળનામોમાં રુદ્ર ગામ ગણાવાય. પરંતુ તેમાં કેટલાંક અર્થોનો વિચાર થઈ શકે તેમ છે. રદ્રુ=સારું દેખાતું હોય તેવું ગામ. આ ગામનો અર્થ વધુ પુરાવાને અભાવે નિશ્ચિત થઈ શકતો નથી.

**તાલુકાનાં સ્થળનામોનું પૃથક્કરણ :**

બોરસદ, પેટલાદ અને માતર તાલુકાના સ્થળનામોનો અભ્યાસ કરવાથી જણાય છે કે આ તાલુકાઓમાં વનસ્પતિસૂચક અને ભૂરચનાસૂચક ગામોની સંખ્યા વધારે છે. જ્યારે બીજા પરિબળ સૂચક ગામોની સંખ્યા ઓછા પ્રમાણમાં છે. જે નીચેના કોઠામાં જોઈ શકાય છે.

| ક્રમ | પરિબળ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | વનસ્પતિસૂચક | ૭૨ | ૨૭.૨૭% |
| ૨ | વ્યક્તિસૂચક | ૫૩ | ૨૦.૦૭% |
| ૩ | જાતિ સૂચક | ૧૯ | ૦૭.૧૯% |
| ૪ | વસવાટ સૂચક | ૧૪ | ૦૫.૩૦% |
| ૫ | ભૂરચના સૂચક | ૭૦ | ૨૬.૫૧% |
| ૬ | સામાજિક પ્રવૃત્તિ સૂચક | ૭ | ૨.૬૫% |
| ૭ | ઈતિહાસ સૂચક | ૨ | ૦.૭૫% |
| ૮ | કદસૂચક | ૨૦ | ૭.૫૩% |
| ૯ | સમયસૂચક | ૪ | ૧.૫૧% |
| ૧૦ | સ્થાનસૂચક | ૬ | ૨.૨૭% |
| ૧૧ | પ્રાણીસૂચક | ૩ | ૧.૧૩% |
| ૧૨ | પ્રકૃતિ સૂચક | ૨ | ૦.૭૫% |
| ૧૩ | વ્યવસાય સૂચક | ૧ | ૦.૩૭% |
| ૧૪ | અસ્પષ્ટનામ | ૧ | ૦.૩૭% |
| | | ૨૬૪ | ૧૦૦% |

આમ કુલ નામો પૈકી સૌથી વધારે સંખ્યા વનસ્પતિ અને ભૂરચના સૂચક નામોની છે. અહીંના ગામો ક્યારે વસ્યા તે જાણવા માટે દરેક ગામોની સ્થળતપાસ કરીને ત્યાંથી ઉપલબ્ધ અવશેષો તપાસીને તેને બળે કેટલીક હકીકતો જાણી શકાય તેમ છે. અહીં નિર્દિષ્ટ ગામોમાં પૂર્વકાલીન વસ્તુઓ મળે છે. તેથી તેના ઉલ્લેખોની સત્ય સત્યતા પણ સમજાય છે. પરંતુ તેથી આખા તાલુકાઓની તપાસ અનિવાર્ય ગણાય. માત્ર ભાષાના બળે આપેલી હકીકતો ઉપરથી આ ગામોની સાથે ઘણાંખરા વનસ્પતિ અને સ્થાનિક પરિસ્થિતિ સૂચક ગામોનું વસિયાણ થયું હશે એમ કહી શકાય.

**(અનુસંધાન પૃ. ૧૧ ઉપર)**



For Private and Personal Use Only

# કચ્છી રહનસહન

પ્રમોદ જેઠી*

ભારત દેશની પશ્ચિમ બાજુએ આવેલ કચ્છ પ્રદેશ અનોખો છે. આ પ્રદેશની બોલી અલગ, રહનસહન અલગ, પહેરવેશ, રીતભાત પણ અલગ છે. આમ જોઈએ તો ભારતમાં દરેક રાજ્યની રહનસહન અલગ જ છે. આમ છતાં ભારત એક છે. ભારતના અલગ અલગ રાજ્યોથી અનોખો તરી આવતો આ કચ્છ પ્રદેશ વિષે જાણકારી મેળવીએ.

કચ્છની ધીંગી ધરા અને તાકાતવર પાણી પીનારા કચ્છીએ ભારતમાં જ નહીં, પરન્તુ વિશ્વમાં પોતાનું નામ કાઢેલ છે. કચ્છી બોલીમાં તાકાત છે. ટૂંકી છતાં સચોટ વાત કહેતી આ બોલી ભારતનાં અન્ય રાજ્યની બોલીથી અલગ જ તરી આવે છે.

કચ્છ એ પ્રાચીન સમયમાં ટાપુ હતો. આ કચ્છ પ્રદેશમાં રહેનાર લોકો ભારતનાં અન્ય ભાગ સાથે ઓછા સંપર્કમાં હતાં. પરંતુ કચ્છની દક્ષિણે આવેલ દરિયાકિનારાના હિસાબે વિદેશ આફ્રિકા, મલેશિયા, જંગબાર, એડન, ચીન,જાવા,સુમાત્રા વિ.સાથે વહાણો દ્વારા વેપાર અર્થે જોડાયેલ અને આથી કચ્છી વિદેશના ખૂણે ફરતો થયો અને દરિયા ખેડૂ તરીકે જાણીતો થયો. દરિયામાં વહાણ દ્વારા મુસાફરી કરતા તે ખડતલ અને સાહસિકવૃત્તિ વાળો થયો.

કચ્છની પૂર્વ બાજુએ રણ આવેલ છે. આ રણમાં વસતા લોકોની રીતભાત અલગ રહી છે. મોટેભાગે મુસ્લિમ પ્રજા આ વિસ્તારમાં રહે છે. રણને બે ભાગમાં વહેંચી શકાય. બન્ની અને પચ્છમ. નોડે,રાયસીપૌત્રા, શયમા, મૃતવા, બંભા, જત, હાલેપૌત્રા, મેયગ્વાલ વિ.આ પ્રદેશમાં વસે છે. અને તેઓ આગવી જીવન શૈલીમાં પોતાનું જીવન જીવે છે. સ્ત્રીઓનો પહેરવેશ ઇજાર, કંજરી, માથે ઓઢણી છે. જ્યારે પુરુષનો પહેરવેશ પોત (લૂંગી) તથા ખમીસ, માથે ફાળીયું કે ફેંટો રહ્યો છે. આ રણપ્રદેશમાં ગરમી અતિશય પડે છે. તેથી પહેરવેશમાં સુતરાઉ કાપડનો ઉપયોગ વધુ થતો જોવા મળે છે. ગરમીથી માથુ ગરમ થાય નહી તે સારું માથા પર ફાળીયુ કે ફેંટો બાંધે છે. પાણીની તંગીને લઇને મેલખાઉ કપડાનો વપરાશ કરે છે. રણમાં ગરમી અને કંટાળા વિસ્તારમાં ચાલવાનું હોવાથી પુરુષોના જોડા મજબુત ને ચાંચવાળા હોય છે. જ્યારે સ્ત્રીઓ મજબુત સપાટ પહેરે છે. રણમાં બીજા રંગો ઓછા જોવા મળે છે. આથી તેઓ પોતાના પહેરવેશમાં ભડકીલા રંગોના (લાલ, પીળો, બ્લ્યુ) ભરતકામ કરેલ વસ્ત્રો પહેરે છે.

લગ્ન પ્રસંગે દહેજમાં આ ભરતકામની આપ લે થાય છે. સ્ત્રીઓ શણગારમાં ચાંદીના તથા સોનાના દાગીના પહેરે છે. હાથમાં બલૈયા તથા પગમાં કાંબીઓ તેમજ ચાંદીની બંગડીઓ પહેરે છે. અહીં વસતા લોકોનાં પહેરવેશ પરથી જાતિ ઓળખાઈ શકે છે. અહીં વસતી મયગ્વાલ જાતિ મુસ્લિમ જાતિ સાથે રહેતી હોવાથી તેમનો પહેરવેશ, ભરતકામ એક સરખો જોવા મળે છે. આ મયગ્વાલ લોકો મારવાડથી આવેલ છેં. અહી વસતા લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો રહ્યો છે. તેઓ ગાયભેંસ પાળીને દૂધ-ઘીનો વેપાર કરે છે. જેઓ માલધારી કહેવાય છે. તેઓ પોત (લૂંગી) માથામાં અજરખનો ફેંટો અને ખભાપર ખેંસ રાખે છે. બીડી-તમાકુનાં બંધાણી છે. ખડતલ કોમ છે. આખો દિવસ પશુઓ સાથે રહેવાનું હોવાથી શિક્ષણનું પ્રમાણ ઓછું છે. પરંતુ ખુલ્લા દિલના પ્રેમાળ લોકો છે. મહેમાનગતી કરી જાણે છે. અહીંના મકાનોને ભૂંગા કહેવાય છે. આ ભૂંગાના દરવાજા નાના હોય છે કારણકે રણમાં રેતી ઉડતી હોવાથી તેમજ પવનથી બચવા બારી તથા બારણાની સંખ્યા ઓછી હોય છે. રણમાં થતું એક પ્રકારનું લાણીમારી ઘાસ ભૂંગાની છતમાં ઉપયોગમાં આવે છે. જે ઘાસમાં વરસાદ સમયે પાણી અંદર આવતું નથી. દિવાલો કાચી ધાર માટીની લીંપણથી સજાવેલ, અંદર માંડલી જેવા છજા વાળી હોય છે. જેમાં ઘરની ચીજવસ્તુઓ પ્રદર્શિત થયેલ હોય છે. અન્ય જાતિની સરખામણીમાં મયગ્વાલનાં ભૂંગા સફાઈ દાર જોવા મળે છે. મયગ્વાલ લોકો ભૂંગાને બહારની બાજુ રંગકામથી સુશોભિત કરે છે. જેમાં કુદરતી માટીનો ઉપયોગ કરે છે. બૂટ ચંપલ તથા લાકડા પર કોતરકામ મુખ્ય વ્યવસાય છે. સૂકીખેતી પણ કરે છે. ખોરાકમાં ઘઉંનો ઉપયોગ કરે છે. બટાટા તથા કાંદાનો ઉપયોગ મોટેભાગે થતો જોવા મળે છે. લીલી શાકભાજી મળતી નથી. રોટલા, ચટણી, લીલામરચા, મીઠુ, દૂધ-છાશ તેમના મુખ્ય ખોરાક છે. ક્યારેક ક્યારેક માંસાહાર પણ કરે છે.

* આયના મહેલ, ભૂજ-કચ્છ



For Private and Personal Use Only

પાવર પટ્ટીમાં વસતા લોકોમાં આહીર કોમની વસ્તી વધુ છે. આ કોમમાં સ્ત્રીનો પોષાક ઘાઘરો,બ્લાઉઝ તથા ઓઢણી છે. તેઓ લાલ રંગનો વધુ ઉપયોગ કરે છે. પુરુષો સફેદ રંગની ઇઝાર (ચોયણો) તથા સફેદ કેડીયું કે ખમીસ, માથે મરુન કે સફેદ માફો (કપડાનો ટૂકડો) બાંધે છે. ખેતીવાડી મુખ્ય ધંધો છે. ખેતરમાં પીયત તથા વરસાદી પાક લે છે. તેઓ પાસે ભેંસો પણ હોય છે. તેથી ઘી-દૂધ-છાશનો વધુ ઉપયોગ કરે છે. અમુક લોકો ગામના ચોરે નવરા બેઠેલા અને પત્તા રમતા જોવા મળે છે. આળસુ તેમ છતાં ખડતલ અને બળુકી કોમ તરીકે આહિર જગમશહુર છે. સ્ત્રીઓ ભરતકામમાં આભલાનો ઉપયોગ કરે છે. થેલા, બ્લાઉઝ,ઘાઘરા, બારસાંગીઓ, તોરણ, ચંદરવા બનાવે છે. લગ્નમાં ભરતકામની આપ-લે થતી હોય છે. નાની ઉંમરે લગ્ન થાય છે. પરન્તુ કન્યાની ઉંમર મોટી થતા સાસરે વળાવે છે. મુખ્ય ખોરાક ઘઉં, બાજરાના રોટલા, શાકભાજી તેમજ તેઓ પાકા મકાનમાં રહે છે. રાત્રે ખીચડીનો ઉપયોગ કરે છે. આ વિસ્તારમાં મુસ્લિમ, મયગ્વાલ, વાંઢા, ભણસારી આહીર વસે છે.

કચ્છના પૂર્વ વિભાગમાં (વાગડ) વસતા લોકોમાં આહીર, રબારી, પટેલ, કોળી-પરાધી, દરબાર (રજપૂત વાઘેલા) છે. અહીંના પહેરવેશમાં પુરુષ પોત, ઇજાર કે પાટલુન, જ્યારે સ્ત્રીઓ સાડી, બ્લાઉઝ, ઘાઘરો પહેરે છે. હાથ તથા પગમાં કડલા, કાંબી જેવા દાગીના તથા છૂંદણા છુંદાવે છે. ખોરાકમાં બાજરાનો ઉપયોગ વધુ કરે છે. ઘી-છાશ-માખણ નો વધુ ઉપયોગ થતો હોવાથી પુરુષ -સ્ત્રી ખડતલ હોય છે. ખેતીવાડી તથા ઘેટાબકરાનો ઉછેર કરે છે. પરાધી-કોળી લોકો ગરીબ છે. તેઓ જંગલની પેદાશ મધ તથા ગુંદ એકઠું કરી વહેંચી ગુજરાન ચલાવે છે.

કચ્છનાં દક્ષિણ વિભાગમાં મોટેભાગે જૈન - રબારી- ખત્રી - ખારવા - ભાટિયા જાતિના લોકો વસે છે. જૈન નો પહેરવેશ આધુનિક છે. જ્યારે રબારી લોકો પોતાના મૂળ વેશમાં ઘાઘરો - ચોળી - ઓઢણી (લોડી) પરંપરાગત વપરાતા દાગીના, ભૂંગા અને કાચા મકાનમાં રહે છે. તેઓ ઊંટ તથા ઘેટા બકરાના ઊનનું વેચાણ કરી ગુજરાન ચલાવે છે. તેઓ ભરતકામ બહુ સારુ કરે છે. ખત્રી લોકો રંગાટનું કામ કરે છે. બ્લોક પ્રીન્ટ, સ્કીન પ્રીન્ટ તેમજ બાંધણીનું કામ વખણાય છે. ખારવા જાતિ મોટેભાગે વહાણપર ખલાસીનો ધંધો કરે છે. પરદેશમાં માલ ભરીને દરિયામાં જાય છે. આ ઉપરાંત ભાટિયા જાતિ વેપારી છે. તેઓ મુન્દ્રા તથા માંડવીમાં વસે છે. વૈષ્ણવ પંથી છે. શ્રીનાથજીને માને છે. તેઓ વિદેશ સાથે વેપાર અર્થે સંકળાયેલા છે. અને ઘણા જણા ત્યાં સ્થાઇ થયેલ છે. આ વિસ્તારમાં પાણી છે તેથી વાડીઓમાં ચીકુ, આંબા,સંતરા, સુરજમુખી તેમજ કપાસનો પાક લે છે. જૈન જ્ઞાતિનું મોટું તીર્થ ભદ્રેશ્વર તથા કોડાય અહીં આવેલા છે.

કચ્છના પશ્ચિમ વિભાગમાં વસતા લોકો ભણસાળી, જૈન-જાડેજા-રાજપૂત, જત મુસ્લિમ, પાટીદાર પટેલ છે. મુખ્ય ધંધો વેપાર તથા ખેતીવાડી છે. જૈન લોકોનાં મુંબઈ-મદ્રાસમાં વેપાર છે. જાડેજા - રાજપૂત ખેતીવાડીનો ધંધો તથા પાટીદાર પટેલ ખેતીવાડી તથા બેન્સાનું (લાકડાનો વેપાર) મદ્રાસ, બેંગલોર, ઓરિસ્સા બાજુ કામ કરે છે. પહેરવેશ આધુનિક છે. જાડેજા, રાજપૂત સુરવાલ, ખમીસ તથા માટી પાઘડી બાંધે છે. સ્ત્રીઓ ઓજલમાં રહે છે. જ્યારે જત લોકો મુસ્લિમ છે. પુરુષ પોત અને ખમીસ, માથે ફેટો તથા સ્ત્રીઓ ગગો (એક જ કાળા કપડાનું વસ્ત્ર) પહેરે છે. તેઓનું ભરતકામ સુંદર હોય છે. મુખ્ય વ્યવસાય ઊંટ ચરાવવાનો છે. ખેતીવાડી પર મુલી (મથુરી) કરે છે. આ વિસ્તારમાં યાત્રાધામોમાં નારાયણસરોવર, કોટેશ્વર, માતાને મઢ, રામવાડા, ઉમિયામાતાનુ મંદિર, જૈન મંદિરો, અંબાજીનું મંદિર તેમજ હાજીપીરી દરગાહ આવેલ છે. હિન્દુ તથા મુસ્લિમ બન્ને સાથે વસે છે. ખોરાકમાં ઘઉં-બાજરો-દાળ-ભાત શાકભાજીનો ઉપયોગ કરે છે.

**ઉપસંહાર :**

કચ્છી લોકો કચ્છમાં અલગ અલગ વિસ્તારમાં રહે છે તેમના પહેરવેશ, રહનસહન, ખોરાકી, વેપાર પણ અલગ અલગ છે. આમ છતાં ભાષા એક જ કચ્છી છે. વાગડ બાજુ (પૂર્વ વિભાગ) ગુજરાતી વધુ બોલાય છે.

રજપૂત લોકો સિંધથી, આહીર મથુરાથી, રબારી બલૂચિસ્તાન,મયગ્વાલ મારવાડથી, ભાટીયા જેસલમેરથી, લોહાણા તથા બ્રાહ્મણો સિંધથી તેમજ ગુજરાતથી આવેલા છે.

કચ્છની વસ્તી ૧૨ લાખની છે. જેમાં ૬૦% હિન્દુ તથા ૪૦% મુસ્લિમ છે. એકતાથી રહેતી કચ્છી કોમ મેળા મલાખડામાં, તહેવારોમાં હર્ષ ઉલ્લાસથી હળીમળીને ઉજવે છે. લોકો નિર્દોષ તથા વિશ્વાસુ છે. અને એ જ કચ્છની અસ્મિતા છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મેળાપક

ડૉ. ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક

સદીઓ પહેલા વર અને કન્યાની પસંદગી કરવા આઠ જગ્યાની માટી ભેગી કરવામાં આવતી, કઇ માટી પસંદ કરે છે તેના પરથી કન્યાની પસંદગી થતી હતી.

નક્ષત્રો પર ગુણાંક અવલંબે છે. શનિ, મંગળ, રાહુ, કેતુ, પાપગ્રહને નજરમાં રાખવા જ જોઈએ. વર્ષો પહેલાં રજોદર્શન પહેલા કન્યાનું લગ્ન કરી નાખવામાં આવતું હતું. જેથી ચંદ્ર પર વધુ મહત્ત્વ આપવામાં આવતું હતું. હવે લગ્ન માટે ઉંમરની મર્યાદા વધી છે. એક બીજા માટે આકર્ષણ મહત્ત્વનું છે. જેને જોઈને આંખ સ્થિર થઈ જાય, ઝણઝણાટી અનુભવાય, ટીન-ટીન થાય તે જરૂરી છે. એકબાજુનો પ્રેમ ન ચાલે. બન્ને બાજુનો પ્રેમ અનિવાર્ય છે. પહેલી દૃષ્ટિએ થતો પ્રેમ પરિપક્વ બુદ્ધિવાળા યુવક-યુવતીએ ચકાસવો જરૂરી છે.

મા-બાપ પોતાના સંતાનોના મેળાપક માટે જ્યોતિષીઓ પાસે આવે છે. ત્યારે ૫૦ ટકા જોડામેળ માબાપે કરી લીધો હોય છે ૫૦ ટકા મેળ માટેનો મત જ્યોતિષીએ આપવાનો રહે છે. ગુણાંક ૩૦થી વધુ આવતા હોવા છતા ટૂંક સમયમાં લગ્ન વિચ્છેદ થતાં જોવા મળે છે. આ માટે બન્નેની કુંડલીના ગ્રહમેળ-લગ્ન સાતમ, દ્વિતીય દ્વાદશ તથા પંચમસ્થળો તપાસ્યા બાદ જ લગ્ન વેવિશાળ માટે નિર્ણય લેવો જોઈએ.

જન્મકુંડલી ઘણા પાસે હોતી નથી, તેમજ જન્મસમય બરાબર જાણ ન હોય ત્યારે હસ્તરેખામાં લગ્નરેખા, શુક્રપહાડ, હૃદયરેખા પરથી નિર્ણય લઈ શકાય છે. શારીરિક, માનસિક, આધ્યાત્મિક ઉન્નતિ માટે કુંડલી હોય તો નિર્ણય લેવો સુગમ પડે છે. બન્નેની કુંડલીમાં સામ્યતા હોય તો એકબીજા ગ્રહો પૂરક હોય તો ગુણાંકની છોછ રાખવી જરૂરી લાગતી નથી જ્યોતિષીઓને ભવિષ્ય નક્કી કરવાનો અધિકાર નથી. ભવિષ્ય જોવાનો-કથનનો અધિકાર છે. ભાવોની સામ્યતા, દશાની સામ્યતા, દશામેળ, શુભ-અશુભ યોગો મેળવશો. હસ્તરેખામાં શુક્ર, ચંદ્રના ગ્રહો સરખાવી રંગ; જાળી; નિશાનીઓ જોઈ, પ્રશ્નો પૂછી રુચી-વલણ જાણવામાં આવે છે. મંગળ પરથી બુધ પર જતીરેખા છુટાછેડા દર્શાવે છે.

ઘણીવાર પ્રેમલગ્ન નક્કી જ હોય છે. પછી મંગળદોષ કે દોકડા મેળ માટે પૂછવા આવે છે. નક્ષત્ર એક જ હોય પરંતુ ચરણ જુદા જુદા હોય તો લગ્ન થઈ શકે છે. મેળાપક પ્રમાણભૂત સાહિત્યની આવશ્યકતા છે. મંગળનું મહત્ત્વ મેળાપકમાં જરૂરી છે. મેળાપક વિષે જુદા જુદા જ્યોતિષીઓના અભિપ્રાય જુદા જુદા પડતા હોય. જ્યોતિષીઓ માટેની મથરાપટી મેલી થતી જાય છે. સહમત થવા માટે પ્રયત્ન જરૂરી છે.

જન્મકુંડલીમાં ગયા જન્મનો વાસના, અપેક્ષાઓ, લ્હેણાદેવી, રાહુ કેતુ દ્વારા નિર્ણય લઈ શકાતી હોય તે માટે વધુ સંશોધન હું કરું છું.

પરદેશોમાં લગ્ન કોંટ્રાક મનાય છે. જ્યારે ભારતમાં જવાબદારી - સંસ્કાર ગણાય છે. વર્ણાશ્રમધર્મની સ્થિરતાની કલ્પના કરવી હોય તો સર્વાંગી રીતે મેળાપકનો વિચાર કરવો. ગુણાંક મળે છે- નાડી ન મળે અને બ્રાહ્મણને ખરીદવામાં આવે છે. નાડીદોષ હોય તો ના પાડવાની હિંમત બ્રાહ્મણે કેળવવી જોઈશે. રવિવારે પાંચ/છવાગ્યાનું મૂહુર્ત કાઢી આપો તેમ કહેતી વ્યક્તિઓ બ્રાહ્મણ પાસે આવતી હોય છે.

સગોત્રમાં લગ્ન કરવામાં આવતા નથી. બીજી કે ત્રીજી પેઢીએ ગાંડપણ માનસિક ઉણપ આવે છે. લોહી ગ્રુપ ચકાસીને લગ્ન કરવાની પ્રથા શરૂ કરવી જોઈશે. સ્વ. નવિનભાઈ ઝવેરી ઘણીવાર કહેતા ગુણાંકવિષે વરાહમિહરે કંઇ જ લખેલ નથી. ઔરંગઝેબના વખતમાં નાનપણમાં લગ્ન થતા હતા, ત્યારે ગુણાંકની શરૂઆત થઈ છે. અનુમોદન, માર્ગદર્શન, પ્રોત્સાહન એક પાપ છે. જે મંગળનું નામ લઈ કરાય છે અમંગળ. જોડાઓ મોચી બનાવે છે, કજોડાઓ બ્રાહ્મણ બનાવે છે. નાડી એક હોય અને સંતાન થતા હોય તો માહિતી એકત્ર કરવી જોઈએ. બે જણ વચ્ચે પડદો પાડવાનું પાપ ન કરતાં નાડી તો કોઈ અનાડીએ દાખલ કરેલ છે."



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુક્ર દૂષિત થાય ત્યારે લગ્નજીવન બગડે છે. "સમાનશીલ વ્યસનેષુ સખ્યમ્." મંગળહોવા છતાં લગ્ન સફળ થયા છે.

જીવનસાથી પસંદગીના સંમેલનો, મેળાવડા, મેરેજબ્યુરો વિવિધ જ્ઞાતિઓ દ્વારા તથા વ્યાપારી ધોરણે મેરેજ બ્યુરો સેંકડો વ્યક્તિઓ ચલાવી રહ્યા છે. વિવાહ માટે યોગ્ય પાત્રની પસંદગીનું કપરું કાર્ય છે. મા-બાપો સંતાનોની અપેક્ષા સમજે, ઘણીવાર જ્ઞાતિમાં લગ્ન માટે વિચારતા લોકો પોતાની દિકરી વધુ કમાતી, વધુ ભણેલ ને ઓછા કમાતા ઓછુ ભણેલા જ્ઞાતિના યુવકો યોગ્ય લાગતા નથી. શિક્ષિત-સ્માર્ટ, કમાતી યુવતીઓની અપેક્ષા દિનપ્રતિદિન વધતી જાય છે જે જ્ઞાતિ બહાર લગ્ન થઈ રહ્યા છે.

સંયુક્ત કુટુંબની ભાવના ઘટી રહી છે. ત્યારે જગ્યાની તંગી સતાવતી હોય છે, ત્યારે જગ્યાના અભાવે ઘણા યુવક લગ્ન કરી શકતા નથી. મોંઘારતમાં બે છેડા પુરા કરવા માટે યુવક-યુવતી બન્નેને કમાવું જરૂરી છે. પ્રત્યેક પુખ્તવયની વ્યક્તિએ કમાવું જોઈએ.

મેરેજ બ્યુરોમાં પરિચય મિલનમાં યુવક-યુવતીઓ સ્ટેજ ઉપર ઉપસ્થિત થતા સંકોચ અનુભવતા હોય છે. દરેક વ્યક્તિનો જિંદગીનો પ્રશ્ન હોય, નિખાલસ બનવું જોઈએ સાથ, સહકાર આપી યુવક-યુવતી માબાપની ચિંતા ઘટાડી શકે છે. કેવા પ્રકારના જીવનસાથીની આશા રાખો છો તે માટે વાસ્તવિકે બનશો. અપેક્ષાઓ પર વિશેષ ભાર મૂકવાથી આપણે પરિણામલક્ષી આયોજન કરી શકશું. ધારેલ પરિણામો મેળવવા બાંધ છોડની નીતિ અપનાવશો. તેમજ પસંદગીના માપદંડ માટે વ્યવહારુ બનશો.

બહારના દેખાવ, બોલવાની છટા, જાહેરમાં બોલવાની શક્તિ, પહેરવેશ, ફક્ત વ્યક્તિત્વનું નિરીક્ષણ કરી શકાય અભ્યાસના ધોરણથી બુદ્ધિપ્રતિભા (IQ), ઉંમરનોગાળો ૩ થી ૫ વર્ષ, આવક, રહેઠાણની જગ્યા, ટેલિફોન-વાહન, કુટુંબ નાનું-મોટું, વજન, ઊંચાઈ, વધુ માહિતી-રેફરન્સ, જીવનસાથીના શોખ, એકબીજા માટે લાગણી થવી કુટુંબમાં ભળી જવા, સ્વભાવમેળ, બન્નેના જન્મ-નક્ષત્ર પરથી ગુણાંક મેળવવા, મંગળદોષ છે, શનિ, રાહુ, કેતુની સ્થિતિ, જન્મકુંડલીમાં ગ્રહોની સામ્યતા, પસંદગીના પરિબળો નક્કી કરી પાંચ છ ટકાબાંધ છોડ કરો. પરિણામલક્ષી કાર્યક્રમ કરવા જોઈએ.

ગયા જન્મની લ્હેણદેણ કરવા આ જન્મમાં આપણે મળીયે છીએ. ભટકાઈએ છીએ. સંસ્કાર આચારવિચાર, ઊંચાઇ, અભ્યાસ, આકર્ષણ, ચારિત્ર્ય, સંતાનસુખ, માતાના સંસ્કાર, મોસાળનું મહત્ત્વ, સંયુક્ત કુટુંબમાં ઉછેર, માગણીનો અતિરેક કે શંકાશીલ માનસ, શારીરિક શક્તિ, હોબી,વિચારમેળ, કન્યાનું વરના કુટુંબમાં ઓતપ્રોત થવાની શક્તિ, સૌભાગ્યરુપ, આવકનું ધોરણ ઇત્યાદિ અનેક પરિબળો જન્મકુંડલી તથા અન્ય રસ્તે મેળવી શકો છો.

બન્નેના શરીરસુખનો અભાવ રહેવો જોઈએ. વિચારોમાં સમજૂતી થઈ શકે છે. પરંતુ શરીરસુખમાં નથી થઈ શકતી શરીરસુખ પર સંતાનસુખ અવલંબે છે.

ભારતીય સમાજમાં લગ્નસંસ્થા પુરુષ અને સ્ત્રીની વિષય વાસનાઓ સંતોષવાનું ફક્ત સાધન નથી. પરંતુ તે મનુષ્ય જીવનના આધ્યાત્મિક લક્ષ્યાંકો જેવા કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સિદ્ધ કરવાનું સાધન છે. લગ્ન એ માનવીના જીવનના ફેરા ટાળવાનું અને અંતિમ મોક્ષનું સાધન છે. જન્મજાત જાતિય વૃત્તિ પર લગ્ન સંસ્થા ટકેલી છે. પૃથ્વી પર માનવજીવનનાં અસ્તિત્વ માટે જાતિયવૃત્તિ જ જવાબદાર છે. જાતિયવૃત્તિને સમાજમાં સંતુલિત કરવા લગ્ન સંસ્થા કાર્ય કરે છે. લગ્ન પછી માનવીના જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે. ખીલે બંધાતા-જવાબદારીઓથી બંધાઈ જાય છે, સ્ત્રી માબાપનું ઘર છોડી પતિને ઘેર - નવા જ વાતાવરણમાં આવે છે. કોઈપણ માનવી ઇચ્છતો નથી કે તેનું લગ્નજીવન, કૌટુંબિક જીવન દુઃખી બને.

પ્રત્યેક માનવી પોતાના ભવિષ્ય જાણવાની ઇંતેજારી રાખે છે. ''ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે?'' ભવિષ્ય અનિશ્ચિત છે. ફક્ત જ્યોતિષ શાસ્ત્ર તે પ્રત્યે અંગુલિનિર્દેશ કરી શકે છે. આદર્શ જ્યોતિષ મળવા કઠીન બની



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયા છે. માબાપ, ગુરુ, મુરબ્બીઓને માન આપનાર, દયાળુ, ધાર્મિક, માનસિક તથા શારીરિક તંદુરસ્તી ધરાવતા, ભક્તિધ્યાન નિયમિત કરતા જ્યોતિષીઓ બહુ ઓછા મળે છે. જ્યોતિષી નમ્ર, નિરભિમાની, સાદુંજીવન, ઉચ્ચ વિચાર ધરાવતો હોય, જિંદગીભર જ્યોતિષનો વિદ્યાર્થી હોય, તેમજ સલાહ લેવા આવનારમાં આત્મવિશ્વાસ જાગ્રત કરી શકે, પૈસા માટે દોડે નહિ, ભિખારી ન બને, તેમજ વ્યાપારી ન બને, પ્રેમથી આપે તે યોગ્ય દક્ષિણા સ્વીકારે, પોતાની શક્તિ અનુસાર મુજબ સેવા કરવા તત્પર રહે, આવનાર માટે પ્રેમાળ રહે, ધિક્કારની લાગણી ધરાવે નહિ, શાંતચિત્તે ઇષ્ટદેવનું સ્મરણ કરી જ્યોતિષ ફલકથન કરે, તો સચોટ હશે. અને સિત્તેરથી એંસી ટકા બરાબર હશે. જ્યોતિષની મથરાવટી મેલી થઈ ગઇ છે. જેથી આવા જ્યોતિષીઓનું પ્રમાણ વધે તે મારી દષ્ટિએ આવશ્યક છે.

હળદરને ગાંઠીયે ગાંધી બની ગયેલ, કુપમંડુક, ઉપરછલ્લા જ્ઞાનથી અભિમાની બનેલ, મનમાં આવે તેમ કહેનાર ઉપરોક્ત સદ્‌ગુણોથી વિરુદ્ધ હોય તેવા જ્યોતિષીઓ સમાજમાં જ્યોતિષ પ્રત્યેની ખોટી છાપ, અણગમો પેદા કરી રહ્યા છે. પ્રભો તેઓને સન્મતિ આપે. આધુનિક વિચારસરણી, ઔદ્યોગિક પ્રગતિ, વૈજ્ઞાનિક સંશોધનોની અસર આપણા સમાજ પર પડી રહેલ છે. વિદેશોમાં જ્યોતિષ માટેના જે સંશોધનો થાય છે તે પ્રત્યે માનની લાગણી થાય છે. સાડાત્રણ મહિના મારા જ્યોતિષ માટેના પ્રવાસ દરમ્યાન, અમેરિકન એસ્ટ્રોલોજર્સ ફેડરેશનના સેમિનારમાં પ્રવચનો, પ્રકાશનો કોમ્પ્યુટર પ્રોગ્રામો તથા અનેકવિધ ક્ષેત્રે વિશ્લેષણ શક્તિથી અર્થઘટન કરવાની રીતોથી હું મુગ્ધ થયો છું.

જોકે પશ્ચિમના દેશોમાં અનેક સામાજિક સમસ્યાઓ છે. વૃદ્ધ લોકોની સ્થિતિ, ત્યજાયેલા બાળકો, ગુનાખોરીનું પ્રમાણ, છુટાછેડા, નૈતિક જીવન, જીવનમાણી લેવા માટેનું નીતિમત્તાનું નીચું ધોરણ, ઇત્યાદિ દશ્યે પડેલ છે. ભારતમાં પણ છુટાછેડાનો ચેપ લાગ્યો છે. જાતિયદર્દ, વડીલોની દુર્દશા, તથા લગ્ન બહારના સંબંધો ઉત્તરોત્તર વધી રહ્યા છે ભારતીય સમાજ રચનાનાં પાયા હચમચી રહ્યા છે. ભારતીય નારીઓને સમાજરચના વિરુદ્ધ ભડકાવી ઉશ્કેરવા વાતાવરણ સર્જાઈ રહ્યું છે. સ્વચ્છતા પ્રવેશી રહેલ છે. પશ્ચિમની બદીઓ સમાજમાં પ્રવેશી રહી છે. લગ્નસંસ્થા ભયમાં આવી ગઇ છે, ત્યારે બધાએ તટસ્થ રીતે વિચારવા અને તે માટે કંઈક નક્કર કાર્ય કરવાની આવશ્યકતા છે.

ફેઈસ રીડીંગ, હસ્તરેખા શાસ્ત્ર, જન્મકુંડલી, વાસ્તુશાસ્ત્ર, હસ્તાક્ષર, ઇત્યાદિનો સમન્વય કરી હું આત્મકારક ગ્રહ શોધું છું અને તે માટેનું સાહિત્ય સર્જન કરેલ છે. જ્યોતિષીઓ, જ્યોતિષ પ્રેમીઓ મારા પ્રકાશનોનો લાભ લેવા અને ભવિષ્યમાં મારા પ્રકાશનો માટે સૂચનો આપે તેમ ઇચ્છું છું.

ઘાટકોપર બ્રાહ્મણ સમાજમાં દશેક વર્ષ મેરેજ બ્યુરોના સંમેલનનું સંચાલન મેં કરેલ છે. બેત્રણ વર્ષથી અન્ય કામકાજના બોજથી કરતો નથી. યુવક-યુવતીઓ તથા માબાપોના દષ્ટિ બિંદુઓ, અપેક્ષાઓ તથા નિર્ણય લેવા માટે પડતી મુશ્કેલીઓનો ચિતાર મારી નજર સમક્ષ છે જ.

જીવનસાથી માટે જન્મકુંડલીનું સાતમું સ્થાન કેન્દ્રમાં છે. તેની સાથે કુટુંબસ્થાન (બીજું), સુખ સ્થાન, સંતાનસ્થાન, આઠમું, બારમું સ્થાન તેમજ શુક્રની સ્થિતિનો અભ્યાસ હું કરું છું. સાતમું સ્થાનમાં જીવનસાથીમાં રહેલ ગ્રહ તથા સપ્તમેશની સ્થિતિ, દૃષ્ટિ કરતા ગ્રહો ઉપરાંત છઠ્ઠા તથા આઠમા દુઃસ્થાનો (ખાડા) વચ્ચે સખત ચોકી પહેરા નીચે સાતમું સ્થાન છે. તેમજ કર્ક, સિંહ, મકર અને કુંભ રાશિના માલિકો જે લગ્ન સાતમે હોય તો એકબીજા સાથે અધિપતિઓને બનતું નથી. બન્નેના અધિપતિઓ એકબીજાથી અનુકૂળ સ્થિતિમાં હશે તો લગ્નજીવનમાં સુખ સાંપડશે. પરંતુ જો અધિપતિઓ ત્રીજે, અગ્યારમે, બીજે, બારમે, છઠે કે બારમે હશે તો વિપરીત પરિણામ સાંપડશે, સુખેશ સપ્તમેશ સાથે વિપરીત સ્થિતિમાં હશે તોપણ અનિષ્ટ પરિણામ આવે છે. તેથી આવી પરિસ્થિતિમાં મેળાપક મળતા હોય તો પણ વિચાર માંડી વાળવો.

સપ્તમેશ બીજે હોય તો અશુભ ફળ મળે છે. બીજું સ્થાન મારક સ્થાન છે. તેમજ સાતમા સ્થાનથી આઠમું સ્થાન છે. આઠમે અશુભગ્રહ-કે મંગળ હોય તો અશુભફળ મળે છે. આઠમાં સ્થાનમાં અશુભગ્રહ લગ્નજીવનનો આનંદ નષ્ટ કરે છે તેમજ જીવનસાથીના આયુષ્ય પર જોખમ ઊભું કરે છે. એકસીડન્ટ, ઓપરેશન, આપઘાત જેવા અશુભ ફળ મળે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બારમું સ્થાન શય્યા સ્થાનમાં રહેલ અશુભગ્રહોકે અશુભ ગ્રહની દૃષ્ટિ શયનસુખ ઘટાડે છે. ગૃહજીવનમાં ઝંઝાવાત ઊભા કરે છે, ફક્ત આ સ્થાનમાં રહેલા જાતિયતાનો કારક શુક્ર સારું પરિણામ આપે છે.

જીવનના સાતત્ય માટે લગ્નસંસ્થામાં જન્મકુંડલીના પાંચમા સંતાન સ્થાનનું મહત્ત્વ વિશેષ છે. સંતાનસુખ સંતાનદુઃખના પ્રકરણોમાં વિસ્તૃત વિગતો આપેલ છે. સંતતિ કુટુંબના સભ્યો વચ્ચે પ્રેમ-કડીરૂપ બની રહે છે.

શુક્રગ્રહ લગ્નમાં હોય તો સુખી લગ્નજીવન બક્ષે છે. બીજા કુટુંબ સ્થાનમાં શુક્ર લાંબું અને સુખી લગ્નજીવન આપે છે. ત્રીજા, છઠ્ઠે, આઠમે કે બારમે શુક્ર શુભ પરિણામ આપતો નથી. સાતમા સ્થાનનો કારક શુક્ર હોય, સાતમા સ્થાનમાં શુક્ર કામવૃત્તિ ઉત્તેજે છે. વિરૂદ્ધ જાતિ પ્રત્યે ખૂબ જ આકર્ષણ અનુભવે છે. સાતમે શુક્ર સુંદર આકર્ષણ જીવનસાથી આપે છે. પરંતુ 'કારકો ભાવ નાશય' ગણાય તો અશુભ ફળ મળે તેમ કેટલાક વિદ્વાનોનું માનવું છે.

સૂર્ય-શુક્રની યુતિ જાતકને સુંદર આકર્ષક ભાગ્યશાળી જીવનસાથી આપે છે. અશુભગ્રહની અસરમાં સૂર્ય-શુક્રની યુતિ હોયતો જાતિયતાના અનેક પ્રશ્નો સર્જે છે. જાતિયતામાં વૃદ્ધિ કરે છે. લગ્નમાં વિલંબ થાય અને અન્ય સંબંધ બંધાય છે.

ચંદ્ર-શુક્રની યુતિ જીવનસાથીમાં જાતીય આકર્ષણ જન્માવે છે. પરંતુ યુતિ દૂષિત હોય તો અન્યસંબંધો-લગ્નેત્તર સંબંધો બંધાય છે.

મંગળ-શુક્રની યુતિ કામવાસના નિરંકુશ કરે છે. જાતક લગ્ન પહેલાં અને લગ્નપછી જાતિય સંબંધોમાં વધુ રચ્યો પચ્યો રહે છે. અધિક કામવાસનાને લીધે લક્ષ્મણ રેખા ચૂકી જાય છે. આનંદપ્રમોદના પ્રસંગો સર્જી જાતિય પરિતૃપ્તિ યેનકેન પ્રકારે સંતોષ છે

શનિ-સાથે શુક્ર ગૃહ જાતકના લગ્નમાં વિધ્ન,અડચણ લાવે છે. જીવનસાથી વચ્ચે ઉંમરમાં, વિચારોમાં કે કામવાસનામાં ભિન્નતા-વિરોધાભાસ સર્જે છે. જાતક અકુદરતી રીતે-કૃત્રિમ રીતે કામવાસના સંતોષ છે. જોકે સાતમે કર્ક રાશિના શનિ-મંગળ બહુ જ આકર્ષક સુંદર જીવન સાથી આપે છે. જ્યોતિષ અને લગ્નજીવન પુસ્તકમાં લોહી, ઉશ્કેરાટ, ગુસ્સો, ઉપભોગ, આધિપત્ય દર્શાવે છે. મંગળનો હાઉ સમાજમાં ફેલાયેલો છે. મંગળ હંમેશા અમંગળ કરતો નથી. મંગળ શુભ પણ હોય છે. મંગળદોષનું નિવારણ કરવાથી લગ્નજીવન ઉત્કૃષ્ટ બનાવી શકાય છે.

યુવકને સુઘડ, ઘરરખ્ખુ, પતિવ્રતા, શરમાળ, કહ્યાગરી, સમજુ, કુટુંબમાં ભળી જનાર યુવતી જોઈતી હોય છે. જ્યારે યુવતિને પ્રભાવશાળી, સ્નેહાળ, સમય અને વચનનું પાલન કરનાર, કામકલ્પકુશળ, ઘરકામમાં મદદ રૂપ થાય તેવો, હસમુખો,સારા સંતાનો આપનાર (ફોજ નહિ), પૈસાનો સદુપયોગ કરનાર પતિ ગમે છે.

(નોંધ - 'જ્યોતિષ અને લગ્નજીવન' પ્રકાશનની બીજી આવૃત્તિ વાંચશો.)



For Private and Personal Use Only


વ્યાજબી દામ અને ઉત્તમ કામ,
'મિનલ' લાવે... સમૃદ્ધિ ભર્યું ધાન.
સુપર
મિનલ
કુદરતી ખાતર
• ૧ કિ.ગ્રા. પોલિયેસ્ટર પાઉચ પેકમાં
• ૫ અને ૫૦ કિ.ગ્રા. એચ.ડી.પી.ઈ. બેગમાં
MINZYME
PLANT GROWTH PROMOTER
વનસ્પતિ વૃદ્ધિવર્ધક
૧૦૦, ૨૦૦, ૫૦૦ મી.લી.
૧ લીટર અને ૫ લીટરના પેકમાં
તીખડો
વિશિષ્ટ
યુરિયા કોટિંગ પાવડર,
નુકશાનરહિત, જંતુ-પ્રતિરોધક,
હર્બલ અને બાયોડીગ્રેડેબલ છે.
૫૦૦ ગ્રામ અને ૧ કિ.ગ્રા.
પોલિયેસ્ટર પાઉચ પેકમાં
SUPER
NEEMOL
તીવ્ર એઝાડિરેક્ટીન
(હર્બલ પ્રોડક્ટસ)
પ્રવાહી અને દાણાદાર
૧૦૦, ૫૦૦ મી.લી., ૧ લીટર
અને ૫ લીટરના પેકમાં
મિનલ ઓઈલ એન્ડ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ